

# ગુણાતીત જયોત

બ્રહ્મરૂપ દેહ સ્વરૂપમાં જોડાવું તેજ આત્યંતિક કલ્યાણ.



વર્ષ ૫૬, અંક : ૫, તા.૨૧મી મે, ૨૦૨૬, સંવત – ૨૦૮૨ અધિક જેઠ સુદ – ૫, ગુરુવાર
દર માસની ૨૧મીએ પ્રગટ થતું માસિક, વાર્ષિક ફી : રૂા.૧૦૦

૨૬/૫/૮૭

સ્વામિશ્રીજી

ગુણાતીત સમાજની જય

મુક્તો સહિત પુરુષોત્તમની જય

આજે ૧૯૬૬ના ૨૯મા મંગળ દિને પ્રગટ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે અમને આમ કૃપા કરી આપણને ભગવાન ધારવા અને અનુભવવા દેવા માટે સાધકોના નૈમિષારણ્યમાં સાધનાના મહાસાગરમાં મૂક્યા. ભક્ત - ભગવાન સન્મુખ રાખી રહેવા થઈ નિયમો ફુંકવાથી આવે તો આગ પ્રગટાવતાં [illegible] જાય તો તરત તમે તમારી જવાબદારી કરો. તો ઉત્તમ પ્રભુ કરી ગુરુ. પ્રભુ ઉપર સર્વ ભાર [illegible] જવાબદારી નાખી દઈ તેને ઉત્કૃષ્ટ કરવા દઈએ આપણે સ્વરૂપે તેમાં દર્શન થતાં કરી મસ્તીમાં રહેવા [illegible] સહુ સાથે ભગવાન ધારતા ભગવાનમય તન મન થઈ જ્યોત ભાગવતી છે.

પપ્પા

## તા.૧૯.૪.૨૦૨૬ : મનોરથની મહાપૂજા



સ્વાગત વધામણાં...



મહાપૂજામાં પ્રાર્થનાભાવ અને થાળ અર્પણ...












તા.૨જી-૩જી મે, ૨૦૨૬ : મહિલાઓની 'ઘર અને દેહને મંદિર બનાવો' શિબિર...








તેજસ્વી તારલાઓનું અભિવાદન...






તા.૩ થી ૬ મે, ૨૦૨૬ : બાલિકા, કિશોરી અને યુવતીઓની 'પરમ સંસ્કાર સિંચન શિબિર'...










# ગુણાતીત જ્યોત

બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મમાં જોડાવું તેજ આત્યંતિક કલ્યાણ.





સંસ્થાપક : ગુરુહરિ પપ્પાજી મહારાજ પ્રેરણામૂર્તિ : પ.પૂ.હંસાદીદી

## સ્વાધ્યાય સંદેશ

**પંચામૃત : ૪** સંબંધવાળાની માહાત્મ્યેયુક્ત સેવા કરી લેવી.
– ગુરુહરિ પપ્પાજી મહારાજ



### શ્રીજી રસામૃત

'... પોતાના જીવાત્માને બ્રહ્મ સંગાથે એકતા કરીને પરબ્રહ્મની સ્વામીસેવકભાવે ઉપાસના કરવી.'

(વચ.ગ.મ.૩)



### શ્રી અક્ષર બ્રહ્મરસ

મનને ધાર્યે ભજન, ભક્તિ વગેરે કરે છે તેમાં અંતરે શાંતિ નહીં. પણ ભગવાન ને સાધુના કહ્યા પ્રમાણે કરે તો શાંતિ થાય છે.

(સ્વામીની વાતુ પ્રક.૫ની ૪૫મી વાત)



### દિવ્યામૃત

સર્વ શાસ્ત્રોનો સિદ્ધાંત છે કે માયા ટાળી ભગવાન ભજી લો. માયા શું ? તો દેહને વિષે આત્મબુદ્ધિ ને દેહના સગા, પદાર્થને વિષે મમત્વબુદ્ધિ રહે તે.

(તા.૧૯.૧૨.૧૯૫૯)

## અનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| ગુરુહરિ પપ્પાજી મહારાજના આશીર્વાદ... | ૨ | ગુરુહરિ પપ્પાજી મહારાજના સાક્ષાત્કારદિને... | ૧૫ |
| સ્વાધ્યાય સંદેશ... | ૭ | પ.પૂ.દીદીના સ્વરૂપાનુભૂતિદિને... | ૧૭ |
| ગુરુહરિ પપ્પાજી મહારાજની પરાવાણી... | ૮ | બ્ર.સ્વ.કાકાજીના પ્રાગટ્યદિને... | ૧૯ |
| વચનામૃત ગ.અં.૧૧નું નિરૂપણ... | ૯ | શાશ્વત સંકલ્પ પર્વે... | ૨૦ |
| શાશ્વત સ્મૃતિદિને... | ૧૨ | શાશ્વત સંકલ્પનો શક્તિ સ્રોત... | ૨૧ |
| શાશ્વતધામ ગરિમા... | ૧૩ | સત્સંગ સમાચાર... | ૨૩ થી... |



# પપ્પાજીની પરાવાણી...

ગુણાતીત સમાજના અલ્પ સંબંધવાળાને નિર્દોષ માનીએ તો આપણે નિર્દોષ થઈ જઈએ. આ વાક્ય લાગે છે કેવું ? પણ વર્તીએ ત્યારે ? આપણે મોટાને તો મોટા માનીએ, આપણા ગુરુને મોટા માનીએ, આપણને ગમતા હોય એવા મોટેરાંને માન્ય કરીએ. પણ કાલે સવારે જે સત્સંગમાં આવ્યું હોય એને ય આપણા ગુરુ જેવા દિવ્ય માનવાના તો આપણે નિર્દોષ થઈ જઈએ.

ગુણાતીત સમાજમાં જેને જે સ્વરૂપમાં મહારાજે જોડ્યા છે એ ગુણાતીત સ્વરૂપ છે.

ગુણાતીત એટલે વ્યાપક, નિયંતા, પ્રેરક ને પ્રવર્તક. વચ.ગ.પ્ર.૬૨ જેવું એમનું માહાત્મ્ય યથાર્થ જો સમજ્યા હોઈએ તો દોષો તો સહેજે ટળી જાય. વચ.ગ.મ.૧૩ જેવી યથાર્થ સ્વરૂપનિષ્ઠા એટલે આ. અલ્પ સંબંધવાળામાં એનાં દર્શન કરો અને એમને નિર્દોષ માનો.

જે તમને વઢી જાય, ધખી જાય ગમે તે કરે. તમારી પ્રકૃત્તિ ને તમે સત્ય માન્યું હોય એથી વિરુદ્ધનું કોઈ વર્તે એથી એના પર તમને ચીડ ચડે, તમને ન ગમે તે વખતે જ્ઞાન લગાડો, બીજું લગાડો. ગમે તે કરો પણ માનીએ જ કે પ્રભુ મારી પરીક્ષા માટે આ કરે છે. મારી આધ્યાત્મિક સમતા જોવા માટે કરે છે. પ્રભુ મારી પરીક્ષા લેવા આવ્યા છે. એમ માનીને સામાને તો નિર્દોષ માનીએ જ.

કોઈ ચોરી કરતું હોય, કોઈ માનને માટે ઝગડતું હોય, કોઈ લડતું હોય ને સંપ, સુહૃદભાવ ને એકતાનો કાયદો છે તોય પ્રભુ મારા પ્રકાશમાં લાવ્યા એટલે પ્રભુ તરફ જ મારી દ્રષ્ટિ જાય. પ્રભુ મારે આમાં શું કરવાનું છે ? પછી પ્રભુ જે કહે અને જે સૂઝાડે તે કરીએ. અભિપ્રાયથી નહીં. આપણને કંઈ ખબર ના પડે તો મહારાજ, મહારાજ કરીએ. સુહૃદ પ્રાર્થના કરીએ. પ્રભુએ મને પ્રાર્થના કરવાની તક આપી. એમ માનીને ગુણ લેવો.

અત્યારે કળિયુગમાં ચાંદ્રાયણ કે વ્રત, તપ કાંઈ થાય તેમ નથી. હિમાલયમાં જઈને હાડ ગળાય તેમ નથી. આપણાથી જે રીતે થાય તે રીતે આપણને પ્રેક્ટીકલ એમણે કરી આપ્યું છે. જ્ઞાન આપણી બુદ્ધિમાં ઉગાડ્યું. આપણા માટે પ્રાર્થના કરે એવા સ્વરૂપો આપ્યાં. એટલે ખરેખર આપણા જેવું કોઈ ભાગ્યશાળી નથી.

ગુરુ કૃષ્ણજી અદા કહેતાં કે, 'આપણા જેવા ભાગ્યશાળી બીજાને માનવા એ જ ભૂલ્ય.' મારામાં દોષ છે જ નહીં. ગુણાતીત સ્વરૂપે મને ગ્રહણ કર્યો પછી દોષ શેનો હોય ? આપણને મહિમા નથી એટલે દોષ નોંધાય છે, દેખાય છે. પણ કેફ રાખવો કે મને કોણ મળ્યું છે !

અખંડ પ્રાપ્તિના કેફમાં નિરંતર રહેવું છે. અખંડ પ્રભુમય રહેવું છે. મનને મસ્તીમાં રાખવા માટે મહિમાના વિચાર કર્યા કરીએ. બધાને જીવનમુક્ત માની એમનો ગુણ જ લઈએ તો યોગ અને સાંખ્ય બેય સિદ્ધ થઈ જશે. ગુરુને નિર્દોષ માનીએ છીએ તેવી રીતે સંબંધવાળાને નિર્દોષ માનીશું તો આપણે નિર્દોષ થઈ જઈશું.

(તા.૨૩.૫.૧૯૮૫)

**પ.પૂ.દીદીનો આદેશ...**
**સંકલ્પ સિદ્ધ કરીએ પપ્પાજીનો... 'વચ.ગ.છે.૩૫માંથી વચ.ગ.છે.૨૬માં જવું જ છે...'**




## વચનામૃત ગ.અં.૧૧ : સીતાજીના જેવી સમજણનું...

### ગુરુહરિ પપ્પાજી મહારાજે કરેલું નિરૂપણ...

(ગતાંકથી ચાલુ...)

અહીં આવીને બહેનોની માહાત્મ્યેયુક્ત સેવા આપી દીધી. બદલાની આશા રાખવાની નહીં ને સેવા કર્યા કરી એમાં અંત:કરણ જીતાડી દીધું, શું અંત:કરણ જીતાડ્યું? કે બહારથી ગાળો આવી, અપમાનો થયાં, માન-અપમાન જે થાય તે પણ તમારો રાજીપો મળે છે ને ! એ તરફ દ્રષ્ટિ રાખીને સેવા કર્યા કરીએ. અંત:કરણ જીતાઈ ગયું. જોજો, આપણે નિશ્ચય કરીએ પછી ભીડો એ ભીડો નથી લાગતો. સૂર્યના તાપે તપવું પડે તોય તપીને આપણે સેવા કરીશું. આ દેહે કરીને આટલી જ સેવાએ આવી પ્રાપ્તિ થતી હોય તો એમાં તે કઈ મોટી વાત છે ! ખેડૂતો, વેપારીઓ કેટકેટલા દાખડા કરે છે. કારણ કે એમાં ધનમાં, કીર્તિમાં ખપ દેખાઈ ગયો છે. એવો આપણને ખપ જાગી જાય તો કશું જ અઘરું ન પડે.

હવે બીજો પ્રશ્ન છે –

**પછી મુક્તાનંદસ્વામીએ પૂછયું જે, જેવી નિર્વિકલ્પ સમાધિને વિશે ભગવાનના ભક્તને શાંતિ રહે છે...**

નિર્વિકલ્પ સમાધિ થાય એટલે દેહથી જુદા પડી જાય તેથી શાંતિ રહે. હાં...

તેવી સમાધિ વિના શાંતિ રહે એવો શો ઉપાય છે?

અષ્ટાંગયોગ સાધીને નિર્વિકલ્પ સમાધિએ કરીને જેવી બ્રહ્મની શાંતિ વર્તે એવી અષ્ટાંગયોગ સાધ્યા વગર હાલતાં ચાલતાં જીવનની દરેક ક્રિયા કરતા કેવી રીતે રહે ? એ ઉપાય બતાવો.

**પછી શ્રીજી મહારાજે કહ્યું જે, જેવી પોતાના દેહને વિશે આત્મબુદ્ધિ ને દ્રઢ પ્રીતિ રહે છે તેવી જ ભગવાન તથા ભગવાનના ભક્તને વિષે આત્મબુદ્ધિ ને દ્રઢ પ્રીતિ રહે તો જેવી નિર્વિકલ્પ સમાધિમાં શાંતિ રહે તેવી શાંતિ એ સમાધિ વિના પણ સદાય રહ્યા કરે, એ જ એનો ઉત્તર છે.'**

મહારાજે કેટલું સ્પષ્ટ કહ્યું ! ગુરુહરિ ને ગુરુને વિશે આત્મબુદ્ધિ ને પ્રીતિ. કોઈ પૂછે કે કેવી આત્મબુદ્ધિ ને પ્રીતિ ? તો આપણા દેહને સુખી રાખવા ને સાચવવા માટે શું કરીએ છીએ ? એમ સ્વરૂપને ઠેકાણે આપણા દેહને મૂકી દઈએ કે આ જગ્યાએ હું હોઉં તો ? મનમાંથી ઈચ્છા થાય એ પ્રમાણે વર્તીએ છીએ. એમ ગુરુ જોડે આત્મબુદ્ધિ હોય તો એ કહે એમ જ કરાય. આપણો દેહ કંઈ ઊંધો ધંધો કરી આવ્યો હશે તોય એનો બચાવ ને રક્ષા કરીશું જોજો ... કાંઈ કાંઈ બહાના – કાર્યકારણ શોધીને સમાધાન મેળવી લઈએ. આપણો દેહ મરી જતો હોય તો એને માટે બધું આપવા તૈયાર થઈએ. દેહ બીમાર પડે ને કહે કે તમારું સર્વસ્વ આપી દો તો

કહીશું કે ભઈ, લઈ લે પણ મને જીવતો રાખ, મને સાજો કર. એમ દેહનું ભલું થાય, સારું થાય એમ કરીએ. એવું જ દેહમાં ગમે એવા દોષ હશે તોય એનો અભાવ નહીં આવે, પણ એવો જ દોષ બીજામાં હશે તો આવશે. એ આપણા દેહમાં પ્રીતિ છે એટલે. આપણા દેહમાં, સ્વભાવમાં એવીય વસ્તુ હશે કે આપણને એ અયોગ્ય લાગે તો પણ આપણે એનો બચાવ કરીશું. એ પ્રીતિનું લક્ષણ છે.

એવી આત્મબુદ્ધિ ને પ્રીતિ જે સંતમાં જોડાયા છીએ એમને વિશે રાખતા થઈ જઈએ. કોઈનાય દોષ દેખાય તો માનીએ કે એની સાથે પ્રીતિ નથી.

આપણે વિચાર કરીએ કે મારો દેહ દોષેયુક્ત વર્તે તો હું શું કરું ? એનો ગુણ જ લઉં ને બચાવ કરું. તો સત્પુરુષને વિશે જરીકેય મનુષ્યભાવ કેમ આવે ? કેવળ દિવ્ય ને નિર્દોષ ન મનાય ? આપણા દેહમાં ઘણી કુટેવ હોય. આળસ, પ્રમાદ, ધૂળધમા. એનોય બચાવ કરતાં હોઈશું. આપણે આપણને પ્રકાશરૂપ માનીએ છીએ. પણ એવી આત્મબુદ્ધિ ને પ્રીતિ ગુરુહરિ ને ગુરુને વિશે કરીએ એ એનાથી ભર્યા રહ્યા કહેવાય.

જોગીમહારાજની આ કૃપા નંબર વન કે અઢળક ઢળ્યા છે, મોજ આપી ને એવી આત્મબુદ્ધિ ને પ્રીતિ એવા ગુણાતીત સંત જોડે કરાવી દીધી. આ વચનામૃતની તો આપણને ખબરે નહોતી છતાં એવી આત્મબુદ્ધિ ને પ્રીતિ સાહેબ જોડે, સ્વામીજી જોડે, અક્ષરવિહારી જોડે, બા, બેન, જ્યોતિબેન, તારાબેન, દીદી, દેવીબેન જોડે ને ભાઈઓ જોડે કારવી દીધી. આવું જીવન ગુણાતીત સમાજના બધાય મુક્તો જીવી રહ્યા છે. કોઈ ને કોઈ એવા સ્વરૂપમાં જોડાયેલા છે ને એના થઈને જીવે છે, એ બધાને નિર્વિકલ્પ સમાધિ જ છે. એના થઈને, એના રાજીપા અર્થે જીવવું એ જ સમાધિ. એવી સમાધિમાં આપણે જીવીએ છીએ.

હવે ત્રીજો પ્રશ્ન આવે છે –

**પછી શ્રીજી મહારાજે વળી પરમહંસ પ્રત્યે પ્રશ્ન પૂછ્યો જે 'ગમે તેવા ભૂંડા દેશકાળાદિક પ્રાપ્ત થાય તો પણ કોઈ રીતે કલ્યાણના માર્ગમાંથી પાછો પડે જ નહીં, એવો જે હરિભક્ત હોય તેને કેવી જાતની સમજણ હોય, જે જે સમજણે કરીને એવી રીતની એને દ્રઢતા આવે છે જે તેને વિશે કોઈ રીતનું વિઘ્ન લાગતું નથી.'**

દ્રષ્ટા સ્થપાયા પછી દેશકાળ ન લાગે. એ દેશકાળ શું ? અભાવ, અવગુણ લઈને પડી જાય એ. બીજો કોઈ દેશકાળ નથી. એનાથી ભક્તિને વિઘ્ન લાગે. મનુષ્યભાવ ન લઈએ તો કોઈ વિઘ્ન આવવાનું નથી. આનો સ્વભાવ એને દોરી રહ્યો છે એમ માનીએ એ મનુષ્યભાવ અને સ્વામી એના સ્વભાવને ચાલવા દે છે એમ માનીએ એ દિવ્યભાવ. એનો સ્વભાવ સત્સંગમાં ન શોભે એવો છે પણ મારા સ્વામી એને ચાલવા દે છે માટે મહારાજ મહારાજ કરી થાય તો મદદ કરીએ. નહીં તો 'મહારાજ એનું જોશે.' એમ કરીને એનામાં માથાકૂટ ન કરીએ એ દિવ્યભાવ. ને બીજે એવા સ્વભાવવાળો હોય તો કહીએ, 'અલ્યા, માર ખાઈશ. ચોરીનો સ્વભાવ છે તો જેલમાં જવું પડશે.' એમ ત્યાં કાયદો લગાડીએ.

ગમે તેવા ભૂંડા દેશ, કાળ, ક્રિયા, સંગ, મંત્ર, શાસ્ત્ર, ધ્યાન ને દીક્ષા પ્રાપ્ત થાય તો પણ આ કલ્યાણનો માર્ગ દિવ્યભાવનો, માહાત્મ્યનો જે છે એમાંથી પડે જ નહીં એ આત્મા ને દેહ નોખા થઈ ગયા. નોખા એટલે કાંઈ જુદા પડી જવાનું છે ? કર્મ તો કર્યા જ કરવાનાં પણ આ રાખીને.

દેશ, કાળ, ક્રિયા, સંગ, મંત્ર, શાસ્ત્ર, ધ્યાન ને દીક્ષા એ એવા છે કે એણે કરીને સત્સંગમાં અભાવ આવી જાય. સત્પુરુષને વિશે મનુષ્યભાવ આવી જાય, કે સ્વધર્મ ચૂકી જવાય.

ભૂંડો દેશ શું ? ઈંગ્લેન્ડ–અમેરિકા જેવામાં સત્સંગ રહી ન શકે. ત્યાં વિષય વિના બીજું કશું અથડાય જ નહીં. એવા દેશકાળ પ્રાપ્ત થાય તોય અક્ષરધામની સમાધિમાં રહી શકાય. સત્સંગ ચૂંથાઈ ન જાય. એટલે એવા દેશકાળ પ્રાપ્ત થાય તોય સત્પુરુષમાં મનુષ્યભાવ ન આવે ને એના થઈને જીવાય એનો ઉપાય શું ? મહારાજે પૂછ્યું.

**પછી મોટા મોટા સંત હતા તેમાં જેવું જેને ભાસ્યું તેવો તેણે ઉત્તર કર્યો પણ શ્રીજી મહારાજના પ્રશ્નનું સમાધાન થયું નહીં. પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, 'એનો ઉત્તર તો એમ છે જે, જેવી દેહને વિશે આત્મબુદ્ધિ છે તેવી ભગવાન તથા ભગવાનના ભક્તને વિશે આત્મબુદ્ધિ હોય...'**

'હું ગુણાતીત' તો કોઈએ ગાળ ભાંડી એ કોને લાગે? ગુણાતીતને કેવી રીતે અડે ? 'હું શુદ્ધ ચૈતન્ય બ્રહ્મ' તો પછી આ વિક્ષેપ ક્યાંથી આવ્યો ? આ મૂંઝવણનો વિચાર ક્યાંથી આવ્યો ? આ મનતત્ત્વ મારું ક્યાંથી થઈ ગયું ? એમ વિચારને પામે. એવી રીતે સ્વ-સ્વરૂપનું અખંડ અનુસંધાન રાખ્યા કરે. નરદેહધારી સ્વરૂપ હોય એની બધી ક્રિયા કોઈ જીવના રૂડા માટે છે, એમ માની દોષ નહીં જોવાના. બહુ જબરી વાત છે – ગામડિયો પણ સમજી શકે એવી સહેલી રીત બતાવી દીધી.

દેહ જોડે કેવી આત્મબુદ્ધિ છે ! જાણીએ છીએ કે આ દેહનો ૬૦-૭૦ વર્ષનો વેપાર છે. દેહમાંથી ચૈતન્ય નીકળી ગયું પછી તો ૨૪ કલાકમાં કાઢો જ બહાર. જો કોઈ રાખે તો ! વહાલામાં વહાલો દીકરો હોય કે ગમે તે હોય તોય. પણ દેહમાં કેવી આત્મબુદ્ધિ થઈ ગઈ છે! એને માટે બધું કુરબાન કરી દઈએ. એમ સંતને માટે રાજી થકા કુરબાન થઈ જઈએ. એને માટે શું ન થાય! એ જાતની માનીનતા દ્રઢ થઈ જાય તો ભક્તિમાં કોઈ વિઘ્ન ન થાય.

એટલે જ્યારે એમનામાં મનુષ્યભાવ આવે કે તરત વિચાર કરીએ કે એ મારો દોષ છે. દેહભાવ જોવાનો કોઈ ઉપાય હોય તો આ જ છે. ભગવતસ્વરૂપ સંતમાં-ગુરુમાં કે એકાંતિકમાં કંઈપણ મનુષ્યભાવનો વિચાર આવે તો જાણજો કે તમારામાં તો છે જ. દેહભાવ દેખાડવાનો અક્ષરપુરુષોત્તમના જ્ઞાનમાં બીજો કોઈ ઉપાય નથી.

કથાવાર્તામાં કહે તો માનીએ કે બીજા માટે છે, મારા માટે નથી. મુખોમુખ કહે તો ઊંધું પડે. એટલે પોતાનો દોષ કઈ રીતે ખબર પડે ? ભગવાન ને સાધુમાં મનુષ્યભાવનો વિચાર ઉઠે તો જાણજો; એ તમારો દોષ છે જ. જ્યાં એ સંકલ્પ કરશે ને આપણે માહત્મ્યેયુક્ત સેવા કરીશું તો આવી રીતે કો'કમાં ને કો'કમાં મનુષ્યભાવ આવશે જ. તમે નિષ્કામભાવે સેવા કરી ? પરીક્ષા લે જ. મનુષ્યભાવ આવે એવા પ્રસંગ ગોઠવે ને ટેસ્ટીંગ લે. ફેઈલ થયા તો come next – તો ફરીથી પ્રસંગ ગોઠવ્યા જ કરશે. આ તમારા બધાનો અનુભવ છે. સેવા કરતા હો તે દરેક જણ આ જોઈ લેજો. સેવા કર્યા પછી કંઈ ને કંઈ ગતકડું કરે જ છે. ખરી વાત કે ખોટી ? હાં... હરે...

**...તો તેને કોઈ રીતનું વિઘ્ન લાગે નહીં. અને ગમે તેવા દેશકાળાદિક ભૂંડા આવે તેણે કરીને એ ભગવાનને ભગવાનના ભક્ત થકી વિમુખ થાય નહીં.'**

ગમે તેવા દેશકાળે કરીને એ ભક્ત વિમુખ ન થાય. ભગતજી મહારાજ હતા. એમને વગર વાંકે વિમુખ કરેલા. ગુણાતીતાનંદ સ્વામી મંદિરમાં હતા. અને આ ત્રણ દહાડા સુધી ખાધા-પીધા વગર બહાર ફર્યા કરે. કોઈ કાળજી પણ ન રાખે તોય અખંડ ગુણાતીતને ધારીને જીવ્યા. એમેય નહીં કે 'કોઈ ન પૂછે તો બરાબર છે. પણ તમે તો મને ખાવાનું પૂછો... ચપટી ખીચડી આપવાનું તમને સૂઝતુ નથી ? તમે બધા ખાવ છો તો યાદેય નથી આવતું ?' એટલુંય એમને ન થયું. કારણ? ગુણાતીતને એમણે યથાર્થ ઓળખ્યા હતા કે એ એવા સર્વોપરી છે ને એમની પાસે બધી સત્તા, સામર્થી છે. એટલે દેહભાવ જોડે ભળે નહીં એવું બખ્તર એમનું ઘડાઈ ગયેલું. અખંડ મસ્તી ને કેફમાં ફર્યા કરતા ને દર્શન કર્યા કરતા. પછી મહુવા જઈને રહ્યા તોય એમની મસ્તી જુદી.

એ કહે કે, 'ગુણાતીતે એવું બખ્તર ઘડી આપ્યું છે કે મહારાજનો કર્યોય વિમુખ ન થઉં. કોઈનો અભાવ લઈશ તો વિમુખ થઈશ ને ! એ કોઈ લેવડાવે એમ નથી એટલે હું વિમુખ નહીં થઉં. તો બીજો કોણ કરશે મને !'

આમ કોઈપણ સંજોગોમાં મનુષ્યભાવ જ નહીં લેવાનો. એ ભગતજી મહારાજ, જાગાસ્વામીની ચૈતન્ય કોન્સીયસનેસ. (ક્રમશઃ)



## શાશ્વત સ્મૃતિદિને...

આત્મામાં જે નિરંતર અડગ અને અજોડ સ્થાન લઈને બિરાજમાન છે તે વિભુ પપ્પાજીનાં સાકાર દેહની વૈદેહી અવસ્થા... બુધવાર ૨૮મી મે, ૨૦૦૬ સવારે ૧૧ વાગે થઈ. તેને આજે પૂરાં વીસ વર્ષ થયા. ૩૬૫X૨૦=૭૩૦૦ દિવસ. અને એક દિવસ તેના ૨૪ કલાક, દરેક કલાકની ૬૦ મિનિટ ને દરેક મિનિટની પ્રત્યેક ૬૦ સેકન્ડ.... ગણતરી કરવા બેસીએ તો ય એકેય પળ... વિરહ ખરો, પણ ગેરહાજરી ન અનુભવાય ! તેવા પરબ્રહ્મ તત્ત્વના ધારક ને વળી અક્ષરદેહ ધારીને આજે પ્રગટભાવે જીવ, પ્રાણીમાત્ર કે માનવોમાં કાર્યાન્વિત છે.

ગુરુહરિ પપ્પાજી મહારાજની પ્રગટતાને માણતા ભક્તોને અનેક વાર અનુભવ કરાવ્યો છે કે... હું તમારી અંદર, બહાર, પાસે, અહીં-તહીં, સર્વત્ર છું એના અનુભવી આપણે સૌ. ઘણીવાર પપ્પાજી કહેતા - ગુણાતીત સ્વરૂપોનું જીવન સંકલ્પ છે. તેઓ દેહધારી - મનધારી - હૃદયધારી હોવાં છતાંયે જ્યાં હોય ત્યાંથી જેમ મિસાઈલ રીમોટ કન્ટ્રોલથી ચાલે છે તેમ સંબંધવાળા સૌનું રૂડું કરવા, તેઓના પ્રારબ્ધ ધોવા, ચૈતન્યોનું અહંતા, મમતા, વાસનાનું શુદ્ધિકરણ કરવા, નિશદિન સંકલ્પથી કાર્ય કરી જ રહ્યા હોય છે.

એટલે તો આપણે નવેમ્બર ૨૦૨૬માં 'શાશ્વત સંકલ્પ પર્વ' ઉજવી રહ્યાં છીએ. અને આજે જે પૃથ્વી પર વિચરતા સાકાર નરદેહધારી ગુણાતીત સ્વરૂપો છે તે સૌ સંકલ્પે જ જીવોને સુખિયા કરી રહ્યા છે.

બાહ્ય દેખાતી બધી જ ક્રિયાઓ સંબંધવાળાના મનોરથ પૂરાં કરવા અથવા સ્મૃતિ આપવા અથવા લાડ લડાવવા અથવા આધ્યાત્મિક ઉત્થાનના ભાગરૂપે હોય છે. વિચાર, વાણી, વર્તન, પ્રભુ પ્રેરણાથી જ થતા હોય. પણ આતમમાં એક જ ભાવના હોય છે. યોગીજી મહારાજ 'ભગવાન સૌનું ભલું કરો' એવા ઉદ્‌ગાર એમના દિવ્ય વર્તનથી થતા રહ્યા છે.

પપ્પાજી કહે – હું એવી ભાવના ધરાવું કે 'બધા સુખી થાવ.' ભલુ જેમાં છે તેમાં જ આધ્યાત્મિક સુખ સમાય છે. અને એનાથી જીવોની સંસૃતિ ટળે છે અને નવા પ્રારબ્ધ ઊભા થતા નથી. અને સેવા, સમાગમ, ધૂન, ભજન, મહાપૂજા, શિબિરો દ્વારા અક્ષરધામના સ્વભાવ, પ્રારબ્ધ થાય તેવા આયોજનો કરતા રહે છે. પપ્પાજીએ એક લેખ લખ્યો છે. 'પ્રગટને પ્રત્યક્ષ કરો.' જે સમજાવતા પપ્પાજી કહે છે – 'હું અત્યારે લંડન જ્યોતમાં જાઉં છું. ત્યાં ત્રણ મહિના રહીશ. તો અત્યારે લંડનના મુક્તો માટે હું પ્રગટ છું અને આપ સૌ ભારતના મુક્તો માટે પ્રત્યક્ષ છું. હવે તમે હું ત્યાં જાઉં પછી એવી સાધના કરજો – સિદ્ધદશા પ્રાપ્ત કરજો કે, તમે અહીં મને પ્રાર્થનાથી પ્રત્યક્ષ કરી શકો. અને ત્યાં લંડનના ભક્તોને પ્રત્યક્ષનો લાભ આપીને આવીશ.' આમ દેહાતીત પપ્પાજી સાકાર, સાક્ષાત્‌ની ઉપાસનાની ઉચ્ચતમ અવસ્થા કરવાની પદ્ધતિની, સાધનાની સરળ ને સહજ અવસ્થાની રીત બતાવે છે. કેવા કરૂણામય !

એમ આજે વીસ વર્ષ બાદ પણ આપણે તેમને

પ્રત્યક્ષ કરી રહ્યા છીએ. 'જ્યાં જુઓ ત્યાં રામજી' એવું માનવાનો દ્રઢ પ્રયત્ન કરી રહ્યા છીએ. ધ્યેય છે જ કે સર્વવ્યાપી, સર્વનિયંતાને માણવા, જાણવા અને શ્રદ્ધા – વિશ્વાસથી આધ્યાત્મિક સમતાભરી નિર્દોષબુદ્ધિ સહજભાવે જીવનમાં પ્રાપ્ત થાય તેવો પ્રયત્ન પ્રભુ પપ્પાજીના બળે કરી રહ્યા છીએ.

સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાનનું વરદાન 'હું પૃથ્વી પર મારા સંત દ્વારા અખંડ રહીશ.' તેની સનાતનતારૂપે આજે ગુરુહરિ પપ્પાજી પણ એવું જ વરદાન આપીને આપણને સૌને તેના ગુણાતીત સ્વરૂપો દ્વારા સુખ ને શાંતિના મહાસાગરમાં ડૂબાડી રહ્યા છે.

જેને આવવું જવું જ ન હોય તેવી વિશ્વંભર ચેતનાની 'શાશ્વત સ્મૃતિ દિન'ની પળોને આત્માના આનંદ અને ખુમારીથી ઉજવીએ. પ્રગટને આપણે નિરંતર પ્રત્યક્ષ કરતા જ રહીએ એ જ આપણા જીવનનું પરમ ધ્યેય, પરમ આહ્‌લાદ હોય !

## શાશ્વત ધામ ગરિમા – એક સ્મૃતિયાત્રા

પહેલી જૂન ૨૦૧૨ – ગુરુહરિ શાશ્વત સ્વરૂપ પપ્પાજીનો સુવર્ણ સાક્ષાત્કાર પર્વ ! તે પુનિત દિને બ્રહ્મ સ્વરૂપ હરિપ્રસાદ સ્વામીજીના કરકમલોથી જે પૂજન, અર્ચન થયા. બાદ સમગ્ર ધરા પરના જીવ, પ્રાણીમાત્રને માટે ખુલ્લું મૂકાયું હતું. તેની પૂર્વ સંરચના બ્રહ્મ સ્વરૂપ સોનાબાના શતાબ્દી પર્વે ૨૦૦૬માં કરવામાં આવી હતી. જે દિનરાત એક કરીને ચાર પાંચ દિવસમાં જ આપણા દિવ્ય ભક્તરાજ આર્કિટેક પૂ.કમલભાઈ પટેલ અને તેમની મદદનીશ ટુકડી દ્વારા થઈ હતી. તે વખતે ખૂબ ઠંડી – શિયાળાની રાત્રિ – દિવાળીની રજાઓ. દુકાન બધી બંધ. કારીગરો પોતાના ગામડે દીપાવલીના ઉત્સવ ઉજવવા જતાં રહ્યાં હતાં. એ સમામાં ખૂબ નિર્દોષભાવે, દિવ્યભાવે સામુહિક સેવાઓ જુદા જુદા ક્ષેત્રના કારીગરો પાસે તાત્કાલિક કરાવી. બંધ દુકાનો ખોલાવી જોઈતી વસ્તુઓ તાત્કાલિક ખરીદી પૂ.કમલભાઈએ સ્વંયે મહેનત કરી ૪-૫ રાત્રિ પપ્પાજી તીર્થ પર બહાર સૂતા. પોતાની ગાડીઓ દોડાવી અને સૌ તેઓના મિત્રમંડળ, ઓળખીતા પાળખીતા સૌને સેવા માટે તૈયાર કર્યા. આપણી જરૂરિયાત પ્રમાણે ત્યાં એક ટેન્ટ બંધાયો. ટાઈલ્સ નખાવી. પ્રકાશની વ્યવસ્થાઓ કરી. સમાધિને જરા પણ બગાડ્યા વિના તેના કણેકણ સાચવીને પ્રભુ પપ્પાજીની સમાધિને તૈયાર કરી હતી. એવા આ છૂપા સેવકો પર શ્રીજી – પપ્પાજી સહજભાવે આંતરિક સમૃદ્ધિ, સુખ, શાંતિ, આનંદ, ધીરજ, ધર્મ અને જ્ઞાન બક્ષીસ આપે છે. અનંત વંદન કરુણાસાગર પપ્પાજી અને તત્સ્વરૂપ સર્વે ગુણાતીત જ્યોતનાં સ્વરૂપોને.

૨૦૧૦માં એક સવારે બ્રહ્મસ્વરૂપ પૂ.જ્યોતિબેન એક મહેમાન સાથે સમાધિ પર પધાર્યા હતા. ત્યારે જ પ્રગટ ગુણાતીત સ્વરૂપ દીદીબાને જવાનું થયું. બેઉ એ સમાધિ જે છાણ, માટીની કાચી બનેલી હતી તેની પર કીડી, મંકોડા ફરતા જોયા. બેઉએ અંતરમાં સાજીશ કરીને ભક્તોના સામુહિક ઉત્થાન માટે નિર્ણય કરી લીધો કે આપણે હવે કાયમી સમાધિ તૈયાર કરાવવી છે. ગુરુહરિ પપ્પાજીની સમાધિની નૂતન સનાતન રચનાના આયોજનો થવા લાગ્યા. અનેક આર્કીટેકની ડીઝાઈન લીધી. ડૉ.કલ્પનાબેનના ભાઈ પૂ.કિરણભાઈના અંગત મિત્ર સમા ખૂબ વરિષ્ઠ અને અનુભવી અમદાવાદના ઉચ્ચ આર્કીટેક પૂ.જે.એમ.મિસ્ત્રીની પસંદગી થઈ. આપણી વિવિધ જરૂરિયાતો પ્રમાણે એમણે અનેક વાર પ્લાન બનાવ્યાં. કમિટી બનાવી. ત્રણ એકાંતિક ગૃહસ્થ પૂ.રાકેશભાઈ ઠક્કર, પૂ.અતુલભાઈ શાહ, પૂ.મહેન્દ્રભાઈ શાહ અને ગુણાતીત જ્યોતના સંત બહેનો પૂ.મીનાબેન ગાંધી, પૂ.દિવ્યાબેન પટેલ, પૂ.ડૉ.કલ્પનાબેન ચૂડગર અને પૂ.ડૉ.નીલમબેન શાહની. તેમને કાર્યભાર સોંપાયો દેખરેખનો. અત્યારે જેનું દર્શન થાય છે તે આગળનો સમાધિનો જ ભાગ જ નક્કી થયો.

થોડા મહિના પછી ત્યાં ૧૧ પરમ ભક્ત દંપતી પાસે મહાપૂજા કરાવીને ભૂમિપૂજન કર્યું. ત્યારે પૂ.અર્પિતભાઈ દેસાઈ અને પૂ.તમન્નાભાભીને લગ્નના પાંચ વર્ષ થઈ ગયા

હતા – બાળક નહોતું. તેઓને પૂ.દીદીએ મહાપૂજામાં યજમાન તરીકે બેસાડ્યા હતા. અને થોડા જ સમયમાં અક્ષરમુક્ત શૌર્યભાઈ અવતર્યા. એ પહેલો ચમત્કાર.

આ ધામના સર્જનમાં અનેક અવરોધો, વિટંબણાઓ આવી પણ ધીમે ધીમે બજેટ કરતા વિશેષ ભાવવધારો થતા અને કારીગરોના રોજગારીના ખર્ચા વધવા લાગ્યા. પાંચ-છ મહિના થયા હશે ને આરસના પથ્થર માટે જયપુર – મકરાણા જવાનું થયું. ત્યારે પૂ.કિરણભાઈ ચુડગરનું ગેસ્ટહાઉસ તેમનો રસોઈયો ને તેમની ઈનોવા ગાડી અમારી સેવામાં તેમણે આપી. કેવી છૂપી સેવા ! અમે લગભગ ૮-૧૦ વાર જયપુર – મકરાણા ગયા હોઈશું. પણ રહેવાની – જમવાની અને વિચરણની બધી જ સવલત તેમણે પૂરી પાડી અને તેમના જીવનું સંપૂર્ણ કલ્યાણ કરી લીધું. આવા છૂપા સેવકોએ ગુરુહરિ પપ્પાજી, પૂ.દીદીબાને ખૂબ હાશ કરાવી દીધી.

સાત-આઠ મહિના કાર્ય શરૂ થયા ને થઈ ગયા ને પછી એક સવારે પૂ.દીદીબા અમને પૂછે છે કે, 'આપણે સમાધિ બનાવીએ છીએ – પણ આપણે નહીં હોઈએ અથવા કોઈ હાજર નહીં હોય તો આ કોની સમાધિ છે તે કેવી રીતે સૌને ખબર પડશે ? તેથી આપણે સમાધિ સાથે સાક્ષાત્ પપ્પાજીની આરસની મૂર્તિ પ્રસ્થાપિત કરવી છે.' આજ્ઞા આવી – વિરોધ આવ્યા. ખર્ચાની ચર્ચાઓ ચાલી. સૌએ ભજન, પ્રાર્થના અને મૌન રાખી સમો સાચવી લીધો. અને અમદાવાદ આપણા આર્કિટેકને મળવા ને કહેવા ગયા. તે ભાઈ તો એકદમ અકળાયા. હવે ના થાય. બધું જ થઈ ગયું છે. પાયા પૂરાઈ ગયા. ક્યાં કરવું ? એ બધી જ પ્રશ્નોની ઝડી વચ્ચે અમે સૌએ મૌન રાખી ભજન કર્યું. અમારા ગુરુની આજ્ઞા છે – કરવું છે જ... ગોઠવો... કંઈક કરો...' ત્યારે પપ્પાજીની સમાધિ અને પૂ.તારાબેનની સમાધિની વચ્ચે જે જગ્યા ખાલી હતી – અત્યારે જ્યાં મૂર્તિ મૂકી છે તે જગ્યા નક્કી થઈ.



પણ જુઓ તો ખરા... આ જગ્યા તો પપ્પાજીએ સાક્ષાત હતા ત્યારે જ પસંદ કરી લીધી હતી.

ગુરુહરિ પપ્પાજી ૨૦૦૪થી પૂ.તારાબેનની સમાધિના દર્શન કરવા અચૂક આવે અને પપ્પાજી તીર્થ પર વિશ્રામ કરતા. પપ્પાજી તેમની ગાડીમાંથી ઉતરે નહીં. સેવકો ઉતરે. ૧૧ પ્રદક્ષિણા કરે. પપ્પાજી તેમના સ્થાને જ ગાડીમાં બેસી દર્શન કરે.

એવા અનેક દિવસો વિત્યા. એકવાર ચોમાસામાં ખૂબ વરસાદ – કાદવ કીચડ હતું ને સેવક ડ્રાઈવર ભાઈ ત્યાં પપ્પાજીની ગાડી લઈને જ્યાં આજે પપ્પાજીની મૂર્તિ બિરાજમાન છે ત્યાં પહોંચ્યા.

સેવક બહેનો ઉતર્યા, પ્રદક્ષિણા કરી પાછા આવ્યા. અને ડ્રાઈવર ગાડીને રીવર્સ કરીને પાછી રસ્તા પર લાવી રહ્યા હતા. પણ ગાડીનું પૈડું કાદવમાં ખૂંપી ગયું ને કીચડમાં જ તે પપ્પાજી બાજુનું પૈડું ગોળ ગોળ ફરવા લાગ્યું. કેમેય કરીને ગાડી કાદવમાંથી બહાર નીકળે જ નહીં. ખૂબ મહેનત કરી સેવકો ગાડીમાંથી નીચે બહાર નીકળ્યા. ખેતરમાં કામ કરતા સૌ મદદનીશ મજૂરોને બોલાવ્યા. પપ્પાજીને તેમને પણ સેવા આપીને કલ્યાણ કરવું જ હશે ને ! પછી ગાડીને પપ્પાજી સહિત આગળથી, પાછળથી આખી ઊંચી કરી, કાદવમાંથી બહાર કાઢી. અને રસ્તા પર મૂકી. આ સ્થાન જ્યાં પપ્પાજી ખસવા જ નહોતા માગતા અને સ્થિર થઈ ગયા હતા તે જ પવિત્ર સ્થાનમાં આજે ગુરુહરિ પપ્પાજીની મૂર્તિનું આસન બન્યું છે.

એવા સર્વ નિયામક પપ્પાજીના શાશ્વતધામની પ્રાથમિક કહાની છે. જે આજે આપની સમક્ષ એક સ્મૃતિયાત્રા તરીકે મૂકી છે. આપણું પણ આવું જ જતન પ્રભુ પપ્પાજી કરે છે. આપણા અંતરમાં પણ આવું જ અડગ ને અજોડ ઊંડું સ્થાન લીધું છે. જેથી આપણા અહંતા, મમતા, વાસના – આપણો અને તેમની વચ્ચેનો અંતરસંબંધ કોઈ સંજોગોમાં ય તોડી શકે નહીં.



# ગુરુહરિ પપ્પાજી મહારાજના સાક્ષાત્કારદિને...
# ‘સુહૃદમ્ સર્વ ભૂતાનામ્’

ગુરુહરિ પપ્પાજી મહારાજના સાક્ષાત્કારના અમૃત પર્વના જય સ્વામિનારાયણ.


ભગવદ્ ગીતા, ચેપ્ટર-૫, ૨૯મો શ્લોક -શાંતિ મંત્ર – ‘સુહૃદમ્ સર્વ ભૂતાનામ્.’ જે જીવ પ્રાણીમાત્રનો, જડ કે ચેતન સર્વનો નિષ્કામી મિત્ર છે અને તેઓનો કેવળ હિતકારી છે, જે નિરપેક્ષભાવે સૌનું ભલું કરે છે, સૌને સુખી કરે છે.

‘સમસ્ત પ્રાણીમાત્રના નિઃસ્વાર્થ મિત્ર, હિતેચ્છુ’ સર્વોપરી શ્રીજી મહારાજ અને તેના સર્વે પ્રગટ, પ્રત્યક્ષ સ્વરૂપો દરેક જીવના હૃદયમાં બિરાજમાન છે અને દરેકનાં સાચા વફાદાર મિત્ર છે. જ્યારે જીવ જાણે છે કે સર્વલોકના સ્વામી તેમના પરમ મિત્ર-હિતેચ્છુ છે ત્યારે જ એને સાચી સનાતન શાંતિ પ્રાપ્ત થાય છે. ટૂંકમાં આ શ્લોક શીખવે છે કે ‘આપણે સૌ આ દુનિયામાં એકલા નથી, ભગવાન સ્વયં આપણા હિતેચ્છુ બનીને હંમેશા માર્ગદર્શન આપી રહ્યા છે.’

એવાં શ્રીજી-યોગીજીના અખંડ ધારક ગુરુહરિ પપ્પાજી મહારાજ શાશ્વત રહીને સર્વેનું અંતર્યામીપણે જતન અને મદદ કરી રહ્યા છે. શબ્દોથી મહિમા સમજાવવો અને અનુભવેલા બે પ્રસંગોનું વર્ણન કરવું છે. જેથી આપણને મળેલા પ્રગટ ગૃહસ્થાશ્રમી પ્રભુ કેવા અંતર્યામી, પ્રાર્થનાના ઝીલનારા અને જીવપ્રાણીમાત્રની મદદ, રક્ષા, પ્રેરણા કરનાર છે !

૧) બ્રહ્મવિહાર. ગુણાતીત જ્યોતના બહેનોના નિરામય સ્વાસ્થ્ય અને બાગ-બગીચામાં શુદ્ધ ઝાડપાન, ફૂલોના સહવાસમાં આનંદ સાથે બ્રહ્માનંદ કરી શકે તે માટે ગુણાતીત જ્યાતેની સામે એક સુંદર બગીચો જેનું નામ પપ્પાજીએ ‘બ્રહ્મવિહાર’ સ્વંયે આપ્યુ છે. પપ્પાજી ૨૦૦૬ સુધી રોજ ત્રણ કિ.મી. અહીં ચાલ્યા છે. અહીં પ્રદક્ષિણા પથ બનાવ્યો છે. જેની સાત પ્રદક્ષિણા કરીએ તો એક કિ.મી. થાય છે. પૂર્વ દિશામાં ઈશાન ખૂણામાં એક નાની કુટિર જેનું નામ ‘અક્ષર દેરી-પપ્પાજી કુટિર’ એવું રાખ્યું છે. ૨૦૦૬ શાશ્વત પર્વ પછી અહીં કાચની કુટિર બનાવી હિંડોળામાં પપ્પાજીની મૂર્તિ પધરાવી છે. તેની પાછળ દિવાલની પાસે એક આમળાનું મોટું વૃક્ષ હતું. તેના આમળા નાના પણ ખૂબ મીઠા હતા. જરાયે તૂરા નહોતા. પપ્પાજી આમળાની સીઝનમાં વૃક્ષે આપેલા ફળો નીચેથી ઉઠાવીને ધોયા વિના જ વારેવારે જમ્યા છે. તેવું મહાપ્રસાદીનું આમળાનું વૃક્ષ એકવાર ૨૦૧૦માં ચોમાસાની સીઝનમાં ખૂબ વરસાદ, વાવાઝોડું રાત્રે આવ્યું ને તે વૃક્ષ ધરાશાયી થઈ ગયું. કાચની પપ્પાજી કુટિરની એકદમ પાછળનું આ વૃક્ષ પડે તો સીધું તેની પર જ પડે ! પણ ગુરુહરિની સર્વોપરિતા અને વૃક્ષોમાં તેમની દિવ્યતા અને સંબંધયોગે તે જીવને પ્રેરણા કરીને તે વૃક્ષ આખુ બાજુમાં પડ્યું. એટલું મોટું વૃક્ષ હતું કે જો અક્ષરદેરી પર પડ્યું હોત તો તેનો કચ્ચરઘાણ વળી ગયો હોત ! કુટિરની દિવ્ય અદ્‌ભુત રીતે રક્ષા થઈ ! પગથી પર પાછળની બાજુમાં જ પડ્યું !!

સવારે સંત બહેનોએ દર્શન કર્યા ત્યારે આશ્ચર્ય પામી ગયા. અહો ! આ મહાપ્રસાદીનું વૃક્ષ હવે નવો જન્મ પામી માનવદેહ ધારણ કરશે. અને સાક્ષાત્ સર્વોપરી શક્તિએ આ અક્ષરદેરીની રક્ષા કરી. સંબંધયોગે અનંતના કલ્યાણ કરનારા શ્રીજી યોગીજીના પૂર્ણ વારસદારની આ અલૌકિક લીલાઓ ! આજે પણ સમજાતી નથી.



૨) બીજો પ્રસંગ. આ સેવકનો. બ્રહ્મવિહારમાં ઈશાન ખૂણામાં ગુરુહરિ પપ્પાજી એક કેરી જમ્યા હતા. અને સેવકોને તેનો ગોટલો બ્રહ્મવિહારમાં વાવવા માટે આપ્યો. તે શ્રાવણી કેરીનો ગોટલો હતો. વર્ષો જતા એ આમ્રવૃક્ષ ઘનઘોર થયું અને વર્ષોવર્ષ ખૂબ મીઠી અને ઘણી બધી કેરીઓ સંત બહેનો માટે આપતું હતું. અનેકવાર પપ્પાજી તે કેરીઓ જમ્યા હતા. ૨૦૧૬માં ગુરુહરિ પપ્પાજીના શતાબ્દી પર્વે સેવક પ્રદક્ષિણા કરતા હતા. રોજ રોજ એ કેરીના વૃક્ષ સાથે વાતો કરે ! પપ્પાજી સાથે વાતો કરે ! એ કેરીઓ પક્ષીઓ પણ જમ્યા હતા. તેથી તેઓ એકાદ-બે ચાંચ મારી, યથાશક્તિ જમીને નીચે જમીન પર નાંખી દેતા. તેથી સેવક જ્યારે પણ પ્રદક્ષિણા કરે ત્યારે રોજ ૮-૧૦ કેરી પક્ષીઓએ ગ્રહણ કરી હોય તેવી નીચે ધરા પર દેખાતી. તેથી સેવક-પપ્પાજીને વાતોમાં ને વાતોમાં ઘણીવાર ટોકે, રોકે – પક્ષીઓ પૂરી ખાતાં નથી અને નીચે પછાડી દે છે તેથી નકામી જાય છે. તમને પક્ષીઓ વહાલા છે તો બરાબર. એમને પણ આપો અને અમને પણ આપો ને ! પક્ષીઓ સાથે, આમ્રવૃક્ષ સાથે પણ વાતો કરે. પપ્પાજીને પ્રેમથી વિનંતી કરે. તમારે તો પક્ષી અને માનવ અમે સૌ સરખા. તો ક્યારેક અમને પણ કેરી આપો ને ! ૧૬ જુલાઈ બપોરે ૨ વાગ્યે સેવક પ્રદક્ષિણા ફરતા હતા. તો અક્ષરદેરીની પાછળથી પાંચ કાચી-પાકી કેરી, સાજી સમી, પછડાટ વગરની, પક્ષીઓએ ખાધા વગરની તાજી કેરીઓ મળી! ગુરુહરિ પપ્પાજીને કરેલી પ્રાર્થના આમ્રવૃક્ષોએ અને પક્ષીઓએ પણ સાંભળી! અને સેવકના હાથમાં તાજીમાજી પાંચ કેરીઓ આવી ! પ્રસાદી ! એક કેરી ત્યાં જ પક્ષીઓ માટે રાખીને ચાર જ્યોતમાં લાવ્યા. ચાર-પાંચ દિવસમાં તે કેરી સંપૂર્ણ પાકી ગઈ ને ૨૧ જુલાઈએ સેવકનો દ્રષ્ટાદિન હતો તે દિવસે અક્ષરધામમાંથી પ્રભુ પપ્પાજીએ મોકલેલ પ્રસાદ અહોભાવ, આશ્ચર્ય અને અનોખા આનંદ સાથે ગ્રહણ કર્યો ! આવા આવા તો અનેક પ્રસંગો પપ્પાજીના શાશ્વત થયા પછીના છે. જેમાંથી આજે બે જ પ્રસંગોનું વર્ણન કરીને યથાતથ મહિમા જીવમાં ઉતારવો છે.

આગળ લખ્યું છે તેમ ભગવદ્‌ગીતાના શ્લોકનો સાક્ષાત્કાર કરીએ અને અંતરમાં હામ, હૂંફ અને શ્રદ્ધાની ખુમારીનો ધોધ અખંડ વહેવા દઈએ. પપ્પાજી માનવદેહધારી સર્વોપરી શ્રીજીના પરમ પરછાંઈ બનીને યોગીજીની સંપૂર્ણ ગુણાતીત જેવી દાસત્વભક્તિ કરીને સર્વવ્યાપી, સર્વનિયંતા અને સર્વોપરીભાવે નિરંતર આજે પણ વિચરી રહ્યા છે ! ધન્ય છે આ સમો ! ધન્ય છે ચૈતન્ય શુદ્ધિની સુખભરી રૂપાંતરની પ્રક્રિયા! આનંદો! પૂર્ણ મળ્યા છે અને પૂર્ણ કરીને જ રહેશે! પ્રભુને ધન્યવાદ, અંતરમાં સૌ માટે પણ એવો જ સુહ્રદભાવ આપણામાં ઉદય થાય તેવી પહેલી જૂન, ગુરુહરિ પપ્પાજી મહારાજના ૭૫મા સાક્ષાત્કારદિનની પ્રાર્થના.



# ચિન્મય સ્વરૂપ પ.પૂ. હંસાદીદીના સ્વરૂપાનુભૂતિદિને...

નિષ્કુળાનંદસ્વામીની ચોસઠ પદી
વણ વિચાર્યે આવે વાતુ એના અંતરે
બોલે અહં મમતાનું ઘસાતું રે
ઉતર્યું મન તનસુખ પરથી

અર્થ : જ્ઞાની સંતના હૃદયમાંથી વાણી સહજ રીતે પૂર્વગ્રહ વગર – વણ વિચાર્યે સ્વાભાવિક રીતે નીકળે છે તે વાણીમાં અહંકાર કે મમતા (મારું – તારું) લાવતા નથી. તેમનું મન શરીરના સુખોમાંથી ઉતરી ગયું છે. દેહાભિમાનથી મુક્ત હોય છે. તેવા નિષ્કામ, નિર્મળ સંત છે હંસાદીદી !

જેમની તન્મયતા નિત્ય પ્રત્યે પરબ્રહ્મ મહીં દીસે છે. શાશ્વત સ્વરૂપ ગુરુહરિ પપ્પાજીના સાકાર સર્વોપરી તત્ત્વ મહીં છે. ચિન્મય એટલે જ્ઞાનમય પ્રત્યેક કોષ ! બ્રહ્મ તત્ત્વથી સભર – ચૈતન્ય સ્વરૂપ જે પરમ આનંદનો પર્યાય છે. જ્ઞાન એટલે આત્મા પરમાત્માનો અનુભવ. સંબંધનો મહિમા, સર્વોચ્ચ જ્ઞાનથી અને બુદ્ધિથી વિજ્ઞાનમય રહીને, વિશ્વમાં સાર્વત્રિક ચેતનાનાં દાર્શનિક બનીને, બ્રાહ્મી સ્થિતિ ધારીને દિવ્યતા ઝીલવી, ધારવી, પ્રસારવી. અન્યોને તેમનો સંગ ચૈતન્યોને રંગ લગાડે છે ભક્તિ – પરાભક્તિનો !

એમના આંતર ખોળામાં ઉછરેલા આપણે સૌ ! પપ્પાજી પ્રભુના ભૂલકાં. એ ભૂલકાંઓના પરમ પ્રિય આદરણીય, નિરંતર સ્મિતસહ જ્ઞાનની લહાણી કરી, આનંદવિભોર કરી, જ્ઞાનની મીઠીમધુરી વાતડી કરીને પ્રત્યક્ષની પ્રત્યક્ષતામાં લયલીન કરી દેનાર ચૈતન્યનાં ગુણાતીત માવતર આપણા હંસાદીદી !

નિર્દોષ, બાલસહજ અદાઓ અને મીઠી મુસ્કાનથી આસપાસના સૌને લોહચુંબકની જેમ ખેંચી લેતા ! પોતે લોહચુંબક ને લોહચુંબકનો પહાડ ગુરુહરિ પપ્પાજી મહારાજ ! સ્વામીની વાતુમાં છે કે, જેમ લોહચુંબકનો પહાડ નજીક આવતા જ વહાણના લોખંડના ખીલા બધા ખેંચાઈ જાય છે. તેમ જો કોઈ જીવ પ્રગટ સત્પુરુષ સંતના સેવા સમાગમમાં આવે તો તે ગમે તેવો પાપી કે સંસારી હોય તો પણ ભગવાન તરફ ખેંચાઈ જાય છે ને જીવને સંસારમાંથી મુક્ત કરીને ભગવાનનાં ધામમાં ખેંચી લાવી કલ્યાણ કરે છે.

લોહચુંબક એ સત્પુરુષ – ગુણાતીત સંત અથવા અક્ષરસ્વરૂપ.

લોખંડ – જીવ – આત્મા

આકર્ષણ – જીવને તેમની સાથે આત્મબુદ્ધિ ને પ્રીતિ થઈ જાય તો છતીંદિહે મોક્ષનો અનુભવ થાય. એવા દેહાતીત અને ભાવાતીત અવસ્થાએ જીવતા હોવાં છતાં અન્યના સુખે સુખી, દુ:ખે દુ:ખી થાય છે. સુહૃદભાવે આંતરિક તપસ્યા કરીને જીવોને બળ આપીને અહંતા–મમતા મૂકાવવા વિવિધ પ્રકારના આયોજનો ગોઠવે ને તે સેવામાં લય કરીને તત્સ્વરૂપ બનાવી દે છે.

એકવાર પપ્પાજીને પૂછ્યું – જો ગુણાતીત પુરુષ ભાવાતીત હોય તો શું તેમને સુખ–દુ:ખ ન લાગે ?

ત્યારે પપ્પાજીએ સહજ ભાવે કહ્યું, 'ગુણાતીત અવસ્થા એવી આત્માની અવસ્થા છે કે જ્યાં મન,

ચિત્ત, બુદ્ધિ, અહમ્ પ્રત્યક્ષ બ્રહ્મતત્ત્વમાં નિરંતર લીન રહે છે. તેથી એમને બાહ્ય સ્પંદનો અડતા જ નથી. પણ તેમાં ગયા વિના જ ચૈતન્યોને અસર કરાવવા તે ગુણને ગ્રહણ કરે છે. અને જ્યારે એ ચૈતન્ય શુદ્ધિનું કાર્ય સંપૂર્ણ થઈ જાય છે ત્યારે એ સહજ મૂકાઈ જાય છે ને પળવાર પણ એની સ્મૃતિ રહેતી નથી. જેમ કે શાસ્ત્રી મહારાજ ગુસ્સો ગ્રહણ કરીને જીવોને પોતાનું યેનકેન પ્રકારે ચિંતનવ કરાવતા. ને તે જીવની પ્રગતિ થતા જ જાણે કાંઈ બન્યું જ નથી – તત્કાળ વિસ્મૃતિ.

એવા ગુણાતીત સ્વરૂપોની નિશ્રામાં આપણે અનેક વર્ષોથી જીવન જીવતા આવ્યા છીએ ત્યારે આપણને ખબર છે જ કે તે પળ પછી પણ તેમને કોઈ પાશ રહેતો નથી. સદાયે બ્રાહ્મી અવસ્થા – પ્રફુલ્લિતતા, ઉલ્લાસમય જીવન ! એવા આપણા હંસાદીદીનો છઠ્ઠી જૂન સાક્ષાત્કાર દિન. પૂરા ૭૦ વર્ષ.

૧૯૩૬માં જન્મ્યા. પાંચ પેઢીના જૂના સ્વામિનારાયણ સત્સંગીના ઘરે. અને પૂજામાં શ્રી યોગીજીનો સાક્ષાત્કાર ૧૯ વર્ષની ઉંમરે કર્યો. 'જા, બાબુભાઈને તારી વાત કર.' એમણે વાત કરી ને આત્મો પપ્પાજીનાં લોહચુંબકના પહાડ સમા બ્રાહ્મી સ્થિતિમાં ખેંચાઈને લયલીન થઈ ગયો. ને તારદેવમાં ૧૯૫૬માં સાધના કરવા પધારી ગયા.

૭૦ વર્ષના પ્રત્યેક સંકલ્પ, ભાવ ને ક્રિયામાં ભક્તિ, ભક્તિ ને ભક્તિ ! નિષ્કામ સ્વરૂપ આતમમાં અખંડ બિરાજમાન રહીને પ્રત્યેક પળે પપ્પાજી તેમના દ્વારા આજે પરાભક્તિ પ્રસારી રહ્યા છે.

નિત નવીન સવારે નવો જ ઉમંગ. પ્રભુની સ્મૃતિ – જ્ઞાનનો મહાસાગર તેમને ને તેમની આસપાસનાં સૌને ભીંજવી દે છે. મુખારવિંદ પર અહોભાવ – ગુલાબી ગરિમા અને પ્રાપ્તિનો પ્રકાશ આપણે સૌ નિરંતર માણી રહ્યા છે. એમના આસન સામે ગુરુહરિ શાશ્વત પપ્પાજીની મૂર્તિ છે તેની સાથે એમને નિરંતર વાતો થતી જ હોય છે. એમને પોતાને કાંઈ જોઈતું નથી. બસ આપવું છે, આપવું છે. પોતાના તનની તંદુરસ્તી માટે કોઈ માંગણી કરે તો 'હા. ભલે. પ્રાર્થના કરીશ. પપ્પાજી બધું સારું કરી જશે.'

મનની મૂંઝવણ, વિક્ષેપની ખાનગી કરવા કોઈ આવે તો પપ્પાજી સમક્ષ પ્રીતભરી નમ્ર અરજી કરીને દયાળુ ચહેરે 'ચિંતા ન કરશો. અમે ભજન કરીએ જ છીએ.'

ધંધામાં આર્થિક સંકડામણમાં સહજ ભાવે માર્ગદર્શન આપે ને 'મદદ પ્રભુ કરશે' તેવા નિશ્ચિંતતાના વેણ તેમના મુખેથી ઉચ્ચરે. સાધકોની નાની મોટી અણસમજણ તો તેમનાં દર્શન માત્રે, દ્રષ્ટિ માત્રે મૂકાઈ જાય છે, વિસરાઈ જાય છે ને સાધક શું વાત કરવાની હતી તે ભૂલી જાય છે. મૂર્તિમાં સર્વે મૂંઝવણ ટળી જાય છે.

સંસ્થાકીય મોટા પ્રશ્નો કે આયોજનોમાં મહારાજ કરશે. પપ્પાજી સ્વયં આવીને બધું જ કરી દેશે. તમે નિશ્ચિંત મને એ આયોજનોમાં ભળો. 'ગરજ હોય તો માન ન જોઈએ.' તેવું બ્રહ્મસૂત્ર સાધક વર્ગોને આપીને પોતે પોતાના આત્મ તારને રણઝણાવીને પપ્પાજીના શ્રી ચરણોમાં આંતરિક કાલાવાલાના ભાવે કરગરે અને જીવોનો ચૈતન્યોને પ્રગતિના પંથે સુખ, શાંતિ, આનંદથી ચલાવે, ચઢાવે. અને આલોક, પરલોક કે અલૌકિક ભૂમિકાના કાંટાળા કપરા માર્ગથી પર કરી દે છે. પોતાનો દોષ સ્વીકારવો અને પ્રભુને પ્રાર્થના કરવી. જેથી તે દોષ તત્કાળ ટળી જાય ને આત્માનંદ નિરંતર વહે તેવા તેમનાં શૂરવીર અને પ્રાયોગિક વચનો ગુણાતીત ગુરુ, ગુણાતીત મા બની આંતરિક હૂંફ, ધીરજ ને શક્તિ અર્પે છે.

નેવુ વર્ષની દેહની આયુમાં તેઓ સીતેર વર્ષથી 'પપ્પાજીનું કાર્ય' બનીને આપણા સૌનું રૂપાંતર સો ટચના સોના જેવું કરી જ દેશે તેવી આપણને સૌને દ્રઢ નિષ્ઠા, વિશ્વાસ કરાવીને પોતાની ગોદમાં રાખીને સેવી રહ્યાં છે. તેવા પરમ ચૈતન્ય પ્રેમી હંસાદીદીને તેમનાં ૭૦મા સાક્ષાત્કાર દિનના અનંત વંદન, પ્રણામ. નિરામય રહો ને નિશ્ચિંત રહી અમ સૌનું આપને જોઈએ તેવું ગુણાતીત સાધુતાનું વરવુ વરદાન વેરતા રહો તેવી પ્રાર્થના તમને, પપ્પાજી મહારાજ અને સૌ ગુણાતીત સ્વરૂપોના શ્રી ચરણોમાં.



## બ્ર.સ્વ. કાકાજી મહારાજના પ્રાગટ્યદિને...

૧૨મી જૂન શ્રી કાકાજી મહારાજનો પ્રાગટ્યદિન. શ્રી યોગીજી મહારાજે શ્રી કાકાજીની અણમોલ ભેટ ગુણાતીત સમાજને આપીને આપણને ન્યાલ કરી દીધા. શ્રી યોગીજી મહારાજ શ્રી કાકાજી મહારાજને નિર્દોષબુદ્ધિના રાજા કહેતા. ખરેખર કાકાજી મહારાજે પળેપળ પોતાના જીવનમાં ગુણાતીત અસ્મિતા પ્રગટાવી ને અનેક મુક્તોને અક્ષરપુરૂષોત્તમની ઉપાસનાનું રહસ્ય સમજાવ્યું. આપણા સામાન્ય જીવનના મૂલ્યાંકનોને સમૂળા બદલી નાખી આપણને એક દિવ્ય દ્રષ્ટિ આપી. બાહ્ય દ્રષ્ટિ, અજ્ઞાન, અભિનિવેશ કે હઠ, માન, ઈર્ષાને સરળતાથી ટાળી, પ્રભુના કલ્યાણકારી ગુણ પ્રગટાવવાનો રાજમાર્ગ બતાવ્યો.

જન્મે સિદ્ધ પુરૂષ એવા કાકાજી મહારાજની બાળપણથી અનોખી પ્રતિભા હતી. અદ્ભુત શક્તિ, અતૂટ આત્મવિશ્વાસ, અપાર શૂરવીરતા જેવા ગુણ સાથે સર્વોપરી નિષ્ઠા ને નિર્દોષબુદ્ધિ પાયાના ગુણ તેમનામાં હતા તો નાની વયે પપ્પાજી–કાકાજીએ પૃથ્વી પર સ્વર્ગ ઉતારવાનો સંકલ્પ કર્યો તેમાં અક્ષરધામની નિર્વિકલ્પ સમાધિ ને સુખ, શાંતિ માણતા અનોખા ગુણાતીત સમાજની સ્થાપના કરી દીધી. આવી તો અનેક સિદ્ધિઓ વરેલી હતી તે કાર્યદર્શન આપણે સમયે સમયે કર્યું છે. તેમાં ગુરુવર્ય શાસ્ત્રીજી મહારાજ ને શ્રી યોગીજી મહારાજ સાથેનો સ્વામી સેવકભાવ કદીય ગયો નથી. દરેક ક્રિયાને મંગલકારી માની. નિર્દોષબુદ્ધિનું સ્વરૂપ. તો ક્યારેય મનુષ્યભાવ પરઠ્યો નથી. ગુરુભક્તિ તો કેવી ? પોતાની જાત, ધન, ધંધો, કુટુંબ, કીર્તિ, ન્યોછાવર કર્યા ને ગુરુની પ્રસન્નતાનું પાત્ર બન્યા. ગુરુના નીકળ્યા બોલ અધ્ધર ઝીલીને વર્ત્યા છે.

ગુરુવર્ય શાસ્ત્રીજી મહારાજના અંતર્ધાન થયા બાદ હું તે જોગી ને જોગી તે હું. એ શાસ્ત્રીજી મહારાજના વચનને શિરોમાન્ય કર્યું. શ્રી યોગીજી મહારાજના સર્વ કલ્યાણકાર્યોના યજ્ઞમાં આહુતિરૂપે હોમાયા છે.

મહિલાઓના આધ્યાત્મિક, સામાજીક, સ્વતંત્ર જીવનના વિકાસ માટે તો કાકાજી–પપ્પાજીએ સમાજના અવરોધ–વિરોધથી પર રહીને એક અદ્ભુત યુગકાર્ય કર્યુ છે. અત્યારે અનેક બહેનોએ એકાંતિક ધર્મ સિદ્ધ કર્યો ને તેમના થકી આ માર્ગે નવા ને નવા બહેનો આવે છે. એવી સનાતન જ્યોત પ્રગટાવી દીધી. એવું સંતો, યુવકો અને ગૃહસ્થોમાં કાર્ય કર્યું છે. ખરેખર એક દિવ્ય જીવન જીવતો ચાર પાંખાળો સમાજ સર્જી દીધો. સ્વામીની વાતમાં છે તેમ ભગવાનના પ્રગટપણાની વાતો નિરંતર કર્યા કરી તો આજે લાખો ભક્તોના જીવ શુદ્ધ થયા. પ્રભુ અર્થે જીવતાં થયા. પોતાનું કલ્યાણ કરી લેવા વ્યવહાર કાર્યો સાથે સત્સંગમય જીવતાં થયા. એ યશ કાકાજી–પપ્પાજી અને સ્વરૂપોને જાય છે.

આજના કાકાજી મહારાજના પ્રાગટ્યદિને અંતરથી એક જ પ્રાર્થના છે કે તમે જે ભીડો વેઠી આ ગુણાતીત સમાજનું સર્જન કર્યું. તેમાં અમારો નંબર લાગી ગયો છે તો એકાંતિકપણું સિદ્ધ કરીને જ જંપીએ તેવી શક્તિ આપજો.

## શાશ્વત સંકલ્પ પર્વ...

હે શાશ્વત મૂર્તિ પ્રભુ પપ્પાજી !

★ કયા શબ્દોમાં મારા અનુભવ–અનુભૂતિના ભાવ લખું ?

★ કયા વચનોથી તારા સર્વોત્તમ સંકલ્પ, ભાવ ને ક્રિયાનું વર્ણન ને વિવરણ કરી શકું ?

★ તારા અનુભવોની અનુપમ ગાથા એ જ અમારું જીવન અર્ચન !

★ ભૂતકાળ ભૂલાયો ને વર્તમાને પળેપળે
તારા દિવ્ય વૈભવના ગાન ઉમટતા અંતરેથી
બનાવી તે અમ પળેપળને ભક્તિમય અને
જગાડ્યો પરાભક્તિનો તલસાટ !

★ અમ જીવનયાત્રાને પ્રેરણા પીયૂષ દઈને શાશ્વત યાત્રા બનાવી !

★ આપની આંતરિક ભક્તિ ને પ્રાર્થનાથી પ્રેરાતી હું... વિચાર, વાણી ને વર્તનને કરતી સનાતન !

★ તારી વચનરૂપી મૂર્તિ છે શ્રીજીના, પરબ્રહ્મના અપાર સામર્થ્યનું દર્શન !

★ તારી વર્તનરૂપી મૂર્તિ કરે છે મને આંતરબાહ્ય જાગરૂક... દાસભાવ... ગરજ... ખપ...

★ કરતો તું એક પરબ્રહ્મની જ ભક્તિ શ્વાસોશ્વાસે ! તેથી બની મારી યાત્રા કલ્યાણ યાત્રા !

★ આજ કે કાલ નહીં કે આ કે પેલો જન્મ નહીં. પળેપળનો સંગી, સાક્ષી બની ઉજાળ્યો મુજ જીવનપંથ !

★ નજરૂં તારી સમાધિમય માણી, નીરવ સભર દિવ્ય પ્રકાશ રેલાવતી, અનુભવાતી, નિરંતરની બનતી મારી સાથી, સખી !

★ મીઠી મુસ્કાન, અનુગ્રહરૂપ અનુભવાતી, ઉદ્વેગ મટાડી આત્મરૂપ બનાવતી, સરલ સહજભાવે વર્તાવતી...

★ અમૃત ઝરંતા વેણલા તારા... શાશ્વતતાનું અદકેરું ઝરણું–આત્મતૃષા જગાડે – પરમાત્મામાં લય ને લીન રહેવાને !

★ હસ્ત સ્પર્શ અમૃત સમ શાતા દેનારો માણ્યો ! કોમલ – કમલ સમ કરૂણા વહાવતો જાણ્યો !

★ આ તારી અનોખી જીવનશૈલી પળેપળે, ધબકારે ધબકારે મેં નિહાળ્યો, શ્રીજી–યોગી તત્ત્વે કરીને પ્રસરે છે અંગોઅંગે !

★ સૌના પ્રારબ્ધ શરણે આવ્યા ને શુદ્ધ થયા. ન કોઈ પુરુષ પ્રયત્ન કે ન કોઈ તપ કે કોઈ સાધના – અકારણ કૃપા !

★ મારી ભક્તિમાં પળેપળ પ્રગટી
શાશ્વત કરતો મુજ ભક્તિ
અંતર ટાઢું ને શુભ સંકલ્પે
વહેતું થયું મારું જીવતર અહો !

★ સ્વીકારજે મુજ અંતર આરઝુ
મારી અનુભૂતિ ને શાશ્વત કરી,
મારું જીવન બને તારી શાશ્વત અંજલિ...

★ આપ્યું ન અપાય, માંગ્યું ન મંગાય, ઝીલ્યું ન ઝીલાય તેવી તારી અદ્‌ભુત જીવનકલા, નિરંતરની કરૂણા !

★ સૂર્ય, ચંદ્ર પણ તે ન જાણી શકે કે માપી શકે કે આંબી શકે તારી માનવ દેહધારી જીવનધારા ને પ્રત્યેક જીવ પ્રત્યેની અણમોલ અમાપ ભક્તિ–પ્રીતિ !

★ અપાર ગરજ ને અમૂલ્ય પળો વહેતી મૂકી તે આબાલવૃદ્ધ સૌ કને... નિરાકાર વર્તીને !

★ કર્યા સૌને શાશ્વત સુખના અધિકારી,
પ્રભુ અનુરાગી – જગથી કર્યા વિતરાગી
આતમજગના સ્વામી !

★ શાશ્વત કીધા અમ આતમને અનંત આવરણ રહિત કીધા અભાવ–અવગુણથી ઉગારી, મહિમામાં રત કરી, દર્શન કરાવ્યા તવ સર્વોપરી શાશ્વતતાના ! સંકલ્પ ભક્તિનાં !

★ શાશ્વત સંકલ્પ પર્વની, આવી આંતરિક અભીપ્સા ગાનથી, અહીં–તહીં મસ્ત મૂર્તિના સર્વમાં દર્શન કરી, માણી રહી છું. તવ નિરંતરની શાશ્વત પ્રીતિ, શક્તિ ને ! પ્રગટની પરાશક્તિને !

★ ચાલો... શબ્દે શબ્દે, ડગલે ડગલે આપણી શાશ્વતતાને પ્રગટ થવા દઈએ અને એમની અપાર, અમાપ, શાશ્વતતાથી જીવનને ધન્ય ધન્ય કરીએ !

(પૂ.ડૉ.નીલમબેન)

## શાશ્વત સંકલ્પનો શક્તિ સ્રોત...

આ બ્રહ્માંડના કેટલાય એવા અટપટા રહસ્યોને મોટા મોટા વૈજ્ઞાનિકો પણ નથી સમજી શકતા. ત્યાં સામાન્ય મનુષ્યનું તો શું ગજું ? તેમ ભગવાન અને સંતની અપાર શક્તિને પણ કોણ સમજી શકે !! જીવની તો કોઈ જ તાકાત જ નથી.

'આ જીવને તો માખીમાંથી સૂર્ય કરવો છે.' સ્વામિનારાયણ ભગવાને કહેલી આ વાત બુદ્ધિજીવી મનુષ્યને તો હસવા જેવી જ લાગે ! પણ આ બ્રહ્મવાક્ય જેમણે ઉચ્ચાર્યું છે એની અનંત સામર્થીની કલ્પના કોણ કરી શકે? જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મના ભેદ મોટા મોટા મહંતો-વિદ્વાનો પણ નો'તા સમજી શક્યા. જ્યારે સ્વામિનારાયણ ભગવાને ૨૧ વર્ષની વયે નીલકંઠ સ્વરૂપે અનાદિના આ પાંચ ભેદનો મર્મ વિશ્વને સમજાવ્યો. પોતાના જેવા જ ગુણાતીત સ્વરૂપો થકી, સામાન્ય જીવોને પોતાનો દિવ્ય સંબંધ આપી, માયાના અનંત આવરણો ભેદીને, બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મની ઉપાસના કરતા કર્યા. માખી જેવા જીવને સિદ્ધદશાના માર્ગે મૂકી, શાશ્વત સુખને પમાડે એ વાત કોની સમજમાં આવે ? પણ અહીં તો અનંત મુક્તોની પોતાની અનુભૂતિની આ વાતો છે.

બહુ વર્ષો પહેલાંની વાત છે. સૌરાષ્ટ્રનું માણાવદર નામે ગોકુળિયું ગામ. લક્ષ્મણબાપા નામે એક સત્સંગી. યોગીજી મહારાજના ભક્ત. પણ એમની તમોગુણી પ્રકૃતિ, ગુસ્સો તો એમનો નિરંતરનો ભેરુ. કોઈનીય જરા સરખી મસ્તી એમનાથી સહન ન થાય. એક વખત કોઈ અગમ્ય કારણોસર માણાવદરના પટેલ ચોકમાં કોઈ માણસો સાથે કંઈક માથાકૂટ થઈ ગઈ. થોડી જ ક્ષણોમાં બધો ખેલ ખતમ ! એક ગુનેગારની પદવી તરત પ્રાપ્ત થઈ ગઈ. તેમના આઠ-નવ મિત્રો સહિત ૨૦ વર્ષની જેલની સજા મળી. બધા જ જેલમાં ધકેલાઈ ગયા..! અણધારી આ ઘટનાથી આખા ગામમાં સોપો પડી ગયો. આ સજામાં હવે તો જેલમાં જ લાંબી જિંદગી ગુજારવાની રહી. તેમાંથી છૂટવાની કોઈને કોઈ જ આશા ન હતી. સમય વિતવાનો શરૂ થયો... લક્ષ્મણબાપાએ મનોમન વિચાર્યું કે હવે તો જેલમાં જ જિંદગી પસાર કરવાની છે, પણ જો મહારાજ અને યોગીબાપા મને આમાંથી બચાવે તો બાકીનું આખું આયુષ્ય એમના અર્થે સેવામાં વિતાવવું છે !! એવો મનોમન દ્રઢ સંકલ્પ કર્યો અને ભજન શરૂ કર્યું. લક્ષ્મણબાપા દિવસ દરમિયાન સૂઈ જાય અને રાત આખી જાગીને માળા કરે. તીવ્રતા, એકાગ્રતા અને પૂરી શ્રધ્ધાથી યોગીજીને યાદ કરીને ભજન કરે... જ્યારે બીજા સાથીદારો દિવસ દરમ્યાન જુગાર પત્તાં રમીને સમય પસાર કરવા લાગ્યા. પપ્પાજીએ અનુભવ સિદ્ધ સૂત્ર આપ્યું છે ને કે 'શ્રધ્ધાપૂર્વક કરેલી પ્રાર્થના કદીય નિષ્ફળ જતી નથી.' એ પ્રમાણે દરરોજ રાત્રે પૂર્ણ શ્રદ્ધાથી ખૂબ માળા ને ધૂન કરે. કેસ ચાલ્યો, થોડા સમય પછી કોર્ટમાં હાજર થવાનું થયું. અંતરમાં ખૂબ ભજન થાય... તો જજને કઠેરામાં ઉભેલા લક્ષ્મણબાપામાં બે થી ત્રણ વાર સાધુનાં દર્શન થયાં... લક્ષ્મણબાપાને તો મનોમન વધુ ધૂન થતી હતી. પરિણામે 'જે કામ ભજન કરે તે બીજું કોઈ ન કરે.' અને એ પ્રમાણે જજ સાહેબે લક્ષ્મણબાપાને નિર્દોષ જાહેર કર્યા ! બીજા બધા જ મિત્રો દોષિત ઠર્યા અને તેઓને ૨૦ વર્ષની જૂનાગઢ જેલમાં રહેવાની સજા થઈ!

લક્ષ્મણબાપા ખૂબ શૂરવીર હતા. જેલમાંથી છૂટ્યા તો એમણે તો સીધી જ ગોંડલની વાટ પકડી. ત્યારે એમને પોતાનું કુટુંબ, પત્ની, બાળકો, ઘર, જમીન કે બીજું કાંઈ જ આડું તો શું યાદ પણ ન આવ્યું ! યોગીજી મહારાજના ચરણોમાં બે હાથ જોડીને સમર્પિત થયા અને કહ્યું કે, 'હે યોગીબાપા ! તમે મને જેલની સજામાંથી ઉગાર્યો છે. જો ન ઉગાર્યો હોત તો મારી જિંદગી જેલમાં જ પૂરી થઈ જાત. તો હવે હું જેવો છું તેવો મને સ્વીકારો અને આપની સેવામાં કાયમ માટે રાખો. જેમ કહેશો તેમ કરીશ.' યોગીબાપા રાજી થયા અને ધબ્બા મારી એમનો સ્વીકાર કર્યો.

લક્ષ્મણબાપા પણ હોંશે હોંશે ગોંડલ મંદિરની સેવામાં પ્રવૃત થઈ ગયા. પણ જન્મજાત સ્વભાવ સહજતાથી મૂકી શકાય એવી કોઈ જીવની તાકાત નથી. એ પ્રમાણે

એક વખત રાત્રે કોઈ છોકરો મંદિરના શિખર ઉપરના કળશ ચોરવા છુપાઈ છુપાઈને શિખર પર ચડતો હતો.. લક્ષ્મણબાપાની નજરે તે ચડી ગયો. મંદિર પ્રત્યે ખૂબ હમદર્દી અને વફાદારી હતી, તેથી તેઓ રહી ન શક્યા. પોતાનું બધું જોર લગાવીને ખૂબ ઝડપથી શિખર પર ચડી ગયા. અને પેલા છોકરાને પકડી પાડ્યો. પણ એમના આખાં તંત્રમાં ગુસ્સો વ્યાપી ગયો અને પેલા છોકરાને પકડીને નીચે ફેંક્યો. યોગીબાપા પાસે નિષ્કપટ થયા. પોતાનો સ્વભાવ આગળ આવી જાય છે તે કબૂલ કર્યું. પછી બાપાએ જે પ્રાયશ્ચિત આપ્યું તે કર્યું. ત્યાર બાદ યોગીબાપાએ એમને વિદ્યાનગર સંત બહેનોની સેવા અર્થે મોકલ્યા. તેઓ વિદ્યાનગર આવી ગયા.

ગુરુહરિ પપ્પાજી મહારાજમાં યોગીજીનો ભાવ દ્રઢ થયો અને પ.પૂ.જ્યોતિબેન ગુરુ મનાયા. જ્યોતની રખેવાળીની સેવા સોંપાઈ. સાચા સંત અને ભગવાનમાં જોડાણ થયું. સ્વભાવ ટાળવાનું સેવારૂપી એક સાધન મળ્યું અને સાચી સાધનાના રાહે ચાલતા થયા. જ્યોત સાથે આત્મબુદ્ધિ ને પ્રીતિ થઈ ગઈ. પોતાનું વતન, ગામ, ઘર, પત્ની, બાળકો, જમીન – જાયદાદ કે કોઈપણ પ્રકારની મોહમાયા એમને નડી શકી નહી. 'હું જ્યોતનો ને આ જ્યોત મારી' એવું મનાઈ ગયું. દેહભાવ ગણ્યા વગર ખૂબ માહાત્મ્યથી સેવાઓ કરતા રહ્યા. પોતાની જવાબદારી ખૂબ ચીવટાઈપૂર્વક નિભાવતા રહ્યા, પાછું વળીને જોયું નહીં તો ગરમ પ્રકૃતિ નરમ બની ગઈ.

ભગવતસ્વરૂપ સંત બની ગયા. આખી જિંદગી કેવળ સેવામાં હોમી દીધી. પપ્પાજી મહારાજ એમના પર અંતરથી ખૂબ પ્રસન્ન રહેતા. કેટલીક વખત તો પપ્પાજી બોલ્યા પણ છે કે આ લક્ષ્મણબાપા અહીં છે તો મને નિશ્ચિંતતા રહે અને નિરાંતે વિચરણમાં બહાર જઈ શકું છું. આ બધાના ફળસ્વરૂપે લક્ષ્મણબાપા ખરેખર સ્વભાવરહિત થતા ગયા, સેવાઓ કરતા જ રહ્યા અને સૌ પાસે અંતરથી રાંકભાવે રહ્યા. જેનો સૌને અનુભવ થયો છે. એકદમ તમોગુણી પ્રકૃતિમાંથી બદલાઈને એકદમ સરળ અને નિર્માની બની ગયા.

આવી તીવ્ર પ્રકૃતિ કોણ ટાળી શકે? જે ટાળી શકે તેની પાસે જ યોગીબાપાએ મોકલ્યા હતા. સ્વભાવ મૂકવાની વાત તો દૂર રહી, પણ પોતાના સ્વભાવનો સ્વીકાર કરવાની પણ જીવની તાકાત નથી. એટલે આપણા તો નસીબની વાત જ જુદી છે કે માખી જેવા જીવને સૂર્ય જેવા કરે એવા સમર્થ ગુણાતીત મળ્યા !

ભગવાન સ્વામિનારાયણના જ સ્વરૂપસમા ગુરુહરિ પપ્પાજી મહારાજ આવા સમર્થ ગુણાતીત સ્વરૂપ છે. એમની દિવ્ય સંકલ્પશક્તિ અને ચૈતન્યલક્ષી કાર્યને કરોડો વંદન છે !! કે જેમણે એક અદ્‌ભુત યુગકાર્ય કરીને નારીને નારાયણી બનાવવાના માર્ગને પ્રસ્થાપિત કર્યો.

આપણી ગુણાતીત જ્યોતના ભગવત્ સ્વરૂપ બહેનોએ વર્ષો પહેલાં બનાવેલા ભક્તિસભર, સાધનાની સરળતાના સંદેશસભર તથા બ્રાહ્મી સ્થિતિ પ્રાપ્ત કરવાની અભિલાષાના એ દિવ્ય ભજનો દ્વારા, આજે પણ એ ગુણાતીત જ્ઞાનના પૈગામ અનંત સાધકો–મુક્તોના હૃદયે ગૂંજી રહ્યા છે.

સમગ્ર વિશ્વના ખૂણે ખૂણે જ્યાંથી એ ગુણાતીત જ્ઞાનના સંદેશા પ્રસરી રહ્યા છે, એ દિવ્ય આધ્યાત્મિક જયોતિ પ્રગટી પહેલી જૂન ૧૯૬૬ના દિને ! એકધારી ઝળહળતી ગુણાતીત જ્યોત પણ આજે પહેલી જૂને ૬૦ વર્ષ પૂરાં કરી રહી છે. એટલું જ નહીં, આ ગુણાતીતની જ્યોત થકી બીજી અનંત ચૈતન્ય જ્યોત પ્રગટી છે, પ્રગટી રહી છે અને પ્રગટતી રહેશે ! શાશ્વત સંકલ્પનું આ પણ એક અજોડ કાર્ય એ ગુરુહરિ પપ્પાજી મહારાજનું અદ્‌ભુત સર્જન છે !

ગુણાતીત જ્યોતના હીરક પર્વે એક જ પ્રાર્થના કરવી છે કે 'હે શાશ્વત સ્વરૂપ પપ્પાજી મહારાજ! આપે પ્રગટાવેલી આ ગુણાતીત જ્યોત અમારા હૃદયમંદિરે, આત્મમંદિરે અખંડ જલતી રહે, અનેક પ્રકારની ઝાંખ–ઝપટથી એની રક્ષા કરજો, કોઈપણ સંજોગોમાં એ ઓલવાઈ જ ન શકે અને અમારા સમગ્ર તંત્રમાં એનો દિવ્ય પ્રકાશ કાયમ પથરાયેલો રહે અને એ પ્રકાશના અજવાળે અમારી જીવન સાધના – યાત્રા આગળને આગળ વધતી રહે તેવી આપના ચરણોમાં અંતરની પ્રાર્થના !! (ગુણાતીત પ્રકાશ પૂ.પીયૂષભાઈ)

## સત્સંગ સમાચાર

### તા.૧૯.૪.૨૦૨૬ : મનોરથની મહાપૂજા...

તા.૧૯.૪.૨૦૨૬ના પપ્પાજી હૉલમાં સવારે ૧૦ વાગ્યે પ.પૂ.દીદીના સાંનિધ્યે મહાપૂજા કરી. ગુરુહરિ પપ્પાજી મહારાજના યુગકાર્યનું મહત્ત્વનું પાસુ એ નિષ્કામ મહાપૂજા છે. જેના બળે જ ગુણાતીત સમાજનો ધ્વજ લહેરાઈ રહ્યો છે. પ્રત્યક્ષની મહાપૂજાનું ગૌરવ આપનાર, પ્રેરણા સ્વરૂપ પ.પૂ.દીદીનો અગણિત આભાર માનતા, હૃદયના ભાવે તેમના આ ૯૦મા પ્રાગટ્યના તથા શાશ્વત સંકલ્પ પર્વના વર્ષમાં પ્રેરણાદાયી ગુણાતીત સ્વરૂપ હંસાદીદી આપણને પ્રત્યક્ષ દર્શન અર્પી રહ્યા છે. અને સૌ પરમ ભાગવત સંત બને જ તેની જાગ્રતતા આપી રહ્યા છે. એ એમની નિષ્કામભક્તિ ચૂકતા જ નથી. તો આપણા તરફ ઉદાસીનતા પણ ગ્રહણ કરતા જ નથી. કેવળ આપણા દર્શન પ્રભુના સંબંધથી કરી રહ્યા છે. તે હંસાદીદીની પરાભક્તિને આપણે નિહાળીએ છીએ. પૂ.સરોજબેન પટેલને પ્રેરણા થઈ કે, દીદીના તંદુરસ્ત સ્વાસ્થ્ય માટે દર મહિનામાં અનુકૂળતા મુજબ તા.૯, ૧૯, ૨૯મીએ ૯ અક્ષરમુક્તો મહાપૂજાના યજમાન બની મહાપૂજા કરે. જે જુલાઈ ૨૦૨૫ થી માર્ચ ૨૦૨૬ સુધી કરી. જેમાં દરેક વખતે નવા અક્ષરમુક્તોએ લાભ લીધો. એપ્રિલ–૨૦૨૬ની ૧૯મી તારીખ અખાત્રીજ રવિવારે આ ૯૦ બહેનો અને મુખ્ય યજમાન પ.પૂ.કલ્પુબેન એમ ૯૧ બહેનોએ સંકલ્પની દ્રઢતા સાથે પૂર્ણાહુતિની મહાપૂજા કરી. જેમાં પ્રેરણાસ્વરૂપ પ.પૂ.હંસાદીદીના સ્વાગતે પપ્પાજી હૉલના મધ્યપથ પર બંને બાજુ મહાપૂજામાં વપરાતા પ્રતીકો મૂકી મહાપૂજાના પ્રથમ પસંદગીના સ્વસ્વરૂપ હંસાદીદીને આવકારતા 'મહાપૂજાના પ્રણેતા હંસાદીદી બન્યા...' આ માહાત્મ્યના ભજને સત્કાર્યા. જેની રચના પૂ.ધર્મિષ્ઠાબેન મોઢે કરી હતી.

ત્યાર બાદ હંસાદીદી, સ્વરૂપો તેમજ સર્વ યજમાન બહેનોને સૂત્રબંધન, બેજ, ખેસ અર્પણ થયા. એ સમયે સ્મૃતિબેન દવે રચિત 'ખૂબ સુખિયા કર્યા, ખૂબ બળિયા કર્યા...' ગવાયું. જેમાં પ.પૂ.હંસાદીદી આપણા માટે કેવા સંકલ્પ કરી બળ પૂરે છે તે મહિમાગાન હતા. વાતાવરણમાં ભક્તિની, શ્રદ્ધાની, માહાત્મ્યસભર દિવ્યતા વહી રહી હતી. ત્યાર બાદ મહાપૂજાનો આરંભ થયો. શંખનાદ થયો. આવાહન બાદ પુષ્પહાર અર્પણ થયા. સંકલ્પવાંચન થયું. ધૂન કરી ઠાકોરજીને થાળ ધરાવ્યો. સાથે સાથે સર્વ યજમાનોએ પ્રસાદરૂપે વાનગીઓ બનાવેલી. તે ૯૦ વાનગીઓનો અન્નકૂટ શ્રી ઠાકોરજી સમક્ષ ધરાવ્યો. ત્યાર બાદ આરતી, ક્ષમાયાચના ને વિસર્જન કરી ગુરુહરિ પપ્પાજી મહારાજના અને પ્રેરણાસ્વરૂપ પ.પૂ.હંસાદીદીના આશિષ લીધા તેનું મનન કરીએ.

**આશીર્દાન ગુરુહરિ પપ્પાજી મહારાજ :** ખૂબ આનંદની વાત છે કે સ્વામીજીના સંકલ્પે સિદ્ધદશાવાળા બેનો પાકી ગયા. દીદી તેમાંના છે. જ્યોતિ, તારા બધાં પાકી ગયા. યોગીબાપા રાજી થયા હશે કે સંકલ્પ પૂરો થયો. દીદીના સંકલ્પે કેટલા બધા જીવ પાકી ગયા. જીવની વાસના ટાળી નાખવી તે બ્રહ્મનો ગુણ છે. ચૈતન્ય ભેદવાનો ગુણ દીદીએ પ્રાપ્ત કર્યો. ગુણાતીત સમાજ પાસે દીદી પ્રાર્થનાથી પહોંચી જાય છે. ૧૦૦ વર્ષ સુધી દીદી એવું કામ કર્યા કરે.

**આશીર્દાન પ.પૂ. દીદી :** મહાપૂજા. ૧૯૬૪ની ૮મી ઑગસ્ટે પપ્પાજીએ મહાપૂજાનો પ્રારંભ કરાવ્યો. અત્યારે કેટલી બધી મહાપૂજા થઈ હશે. મહાપૂજાનું બહુ મહત્ત્વ છે. સંકલ્પ પૂરા કરવા એ તો છે. આપણા ભગવાનનો મનોરથ આપણને એકાંતિક બનાવવાનો છે. તે સિદ્ધ કરવો છે. એકાંતિકને ભગવાનની રીત આવડી જાય. તે પ્રસંગ વગર ન શીખાય. તો તે સંતનો પ્રસંગ કરીને શીખી જઈએ.

આજે અખાત્રીજ, ઈ.સ.૧૯૫૨માં અખાત્રીજે જોગીબાપાના પ્રથમવાર પપ્પાજીએ ભગવાન સ્વરૂપે દર્શન કર્યા. કાકાજીને સાક્ષાત્કાર થયો ત્યારે ઉપશમમાં હતા. એટલે પપ્પાજી આફ્રિકાથી આવ્યા. એમને થયું કે સાક્ષાત્કાર થયો હોય તો કેવું જીવન હોય ! પપ્પાજીને

બાપાના દર્શન થયા ને બાપાએ કહ્યું, 'બધું સારું થઈ જશે.' બાપાએ આપણને પપ્પાજીની ભેટ આપી. આપણો મનોરથ એક જ હોય કે પપ્પાજીનું કાર્ય એમની પ્રસન્નતા રહે તે રીતે કરતા થઈ જવું છે.

આપણા ભગવાને આપેલું પંચામૃત. આપણે એ જીવનમાં વણી લેવું છે. ભગવાનને ધારીને જ્યારે આપણું મૂકી દઈએ ત્યારે વિચાર, વાણી, વર્તન ભગવાન રાજી થાય એવા થાય. આપણે આવું કરવું જ છે હં.

અંતમાં અમારી મહાપૂજાની ભાવના આપ સ્વીકારજો. તેવી સ્વામિનારાયણ ભગવાન, ગુરુહરિ પપ્પાજી મહારાજ તેમજ હંસાદીદીને પ્રાર્થના ધરી. ત્યાર બાદ મહાપૂજાનું આયોજન અને અથ થી ઈતિ તૈયારી કરનાર પૂ.સરોજબેન, આનંદ ગ્રુપના બહેનો તથા વિદ્યાનગરના સેવાભાવી મહિલામંડળને વધાવ્યા બાદ મહાપૂજાનું સમાપન કર્યું.

**Report on World Health Day : General health checkup camp**

In celebration of World Health Day (April 7th, 2026), Shree Gunatit Jyot Mahila Trust, Vallabh Vidyanagar, organized a comprehensive free general health check-up camp from April 6th to 10th, 2026 at Sonaba Medical Centre, Vallabh vidyanagar. Blood Tests: Complete Blood Count (CBC) and Random Blood Sugar (RBS) were carried out at Pappaji Clinical Laboratory. 103 participants attended the camp.

All the participants were consulted by Dr.Neelamben Shah & Dr.Utsav Thakker. Basic vitamins and necessary medicines were distributed. The overall activity of the camp was supported by Dr.Hemant Shah of U.S.A. Participants expressed appreciation for the free services and personalized consultation.

The Health Check-up Camp was a resounding success, fostering a culture of wellness and emphasizing early detection of health issues. The success highlights the community's need for regular health check-ups and the institution's commitment to preventive care.

## મહિલાઓની શિબિર...

તા.૨જી – ૩જી મે, ૨૦૨૬ના શ્રી ગુણાતીત જ્યોત મહિલા ટ્રસ્ટ દ્વારા **મહિલાઓ માટેની શિબિરનું** આયોજન કરવામાં આવ્યું હતું. ગુરુહરિ પપ્પાજી મહારાજની દિવ્ય સંનિધિ અને પ.પૂ.હંસાદીદીની પ્રત્યક્ષ સંનિધિમાં આ શિબિરમાં ૪૦૦ જેટલા બહેનોએ ભાગ લીધો.

શિબિરનો વિષય હતો : **'ઘર અને દેહને મંદિર બનાવો'.**

શિબિરસભાનો પ્રારંભ પ.પૂ.દીદી અને સ્વરૂપોના સાંનિધ્યે આવાહ્‌ન શ્લોક અને દીપ પ્રાગટ્યથી કર્યો.

આ શિબિરમાં સ્વરૂપોએ માર્ગદર્શન આપ્યું અને ગુરુહરિ પપ્પાજી મહારાજ અને પ.પૂ.દીદીના આશીર્વાદ મળ્યા તેનો સારરૂપે સ્વાધ્યાય કરીએ.

**પૂ. ડૉ. નીલાબેન :** આપણે શિબિર માટે આવ્યા છીએ. દીપ પ્રાગટ્યથી આપણામાં ઉર્જા આવે છે. આપણા ગુરુ સ્વરૂપોમાં પપ્પાજી બોલશે. શિબિરો દ્વારા નિર્દોષબુદ્ધિનું સિંચન મળે છે અને ભજન કરવાથી વિખવાદ ન રહે. ઘરમાં સંપ સુહૃદભાવ ને એકતા રાખવા તો ઘર સાચું મંદિર કહેવાશે.

**આશીર્દાન ગુરુહરિ પપ્પાજી મહારાજ :** શિબિરમાં શીખવાનું મળે છે. સમૈયામાં સેવા મળે. ગુરુના વચન પ્રમાણે ખાસ જીવવું. મહારાજે એકાંતિક માર્ગ બા, બેન, જ્યોતિ, તારા, દીદી, દેવી દ્વારા ખુલ્લો મૂક્યો છે. ખાસ ગુરુના વચન પ્રમાણે જીવો. તેઓની બે હાથ જોડી આજ્ઞા પાડીશું, તેમને પ્રસન્ન કરીશું તો સુખિયા થઈ જવાશે.

**આશીર્દાન પ.પૂ.દીદી :** ભગવાનમાં મન રહે તો દેહમાં કાંઈ તકલીફ ન રહે. આપણે ઘસારામાં પડીએ એ ભગવાનને નથી ગમતું. પપ્પાજી એક જ વસ્તુ માંગે છે – વફાદારી. હું કાંઈ કરું છું તે પ્રભુ મને જુવે છે. તેવું અંતરથી માનીએ.

પ્રભુ આપણું હિત જ કરે છે. આપણે ભગવાનને મિત્ર બનાવી, તેની સાથે વાત કરતા થઈ જઈએ તો આપણને કોઈ સમસ્યા નહીં રહે.

**પ.પૂ.પદુબેન :** સ્વરૂપનિષ્ઠા દ્રઢ રાખવી. આશીર્વાદ મળ્યા છે તેમાં ખાસ ભરોસો રાખો તો બહારનું વાતાવરણ બદલાઈ જશે. આપણા ગુરુઓ આપણા અંતરના માવતર છે. સાચો ભક્ત એ જ કે જેના જીવનમાં માહાત્મ્ય, નિર્દોષબુદ્ધિ ને સ્વરૂપનિષ્ઠા હોય. ખમે, નમે તે પપ્પાજીને ગમે. મૂકી દે તે મોટો. અંતરનું સુખ રાંકભાવ પર છે.

**પ.પૂ. મધુબેને** વચનામૃત વડતાલ પાંચમાથી ભગવાન અને સંતની પ્રાપ્તિએ ૧૦૦ જન્મની કસર આ જન્મે ટળી જાય તે દ્રષ્ટાંત સાથે સમજાવ્યું.

**પ.પૂ. દયાબેને** બાળકો સાથેના વર્તન અને ફરજો ઉપર સરસ લાભ આપ્યો.

**પ.પૂ. શોભનાબેન :** ચાતક વૃત્તિથી શિબિરમાં આવ્યા છો. ભગવાને આપણને પસંદ કર્યા છે આપણે ખમવું. કોઈ માટે ભૂંડો ઘાટ ન કરવો કે સામાન્ય દુ:ખાટ થાય એવું ન કરવું આપણું મન ભગવાન માટે વાપરવું તો તે કટાઈ ન જાય. ભગવાનને આપણને ભાગીદાર બનાવવા છે. આપણું વર્તન બીજાને ગુણ આવે એવું રાખવું. જ્યાં જઈએ ત્યાં ભગવાનને લઈને જવું. અહંકાર મૂકાશે ત્યાં બધું સરસ થઈ જશે.

**પ.પૂ. હંસાબેન ગુણાતીત :** પપ્પાજી ગૃહસ્થ હતા. તે આપણો આદર્શ છે. પ્રાપ્તિનો કેફ રાખવો છે. જોગીબાપા કહેતા કે 'પાત્ર પણ હું ઘડીશ ને બ્રહ્મરસ પણ હું પૂરીશ.' કોઈનું જીવન બહારથી ન માપવું. ઘરમાં પૂજા, આરતી, ધૂન વગેરે કરવા. મહાપૂજા એ ભગવાનને સંદેશો પહોંચાડવાનું માધ્યમ છે.

**પ.પૂ.તરુબેને** ગૃહસ્થોની આચારસંહિતામાંથી સમજૂતી આપી કે જમાના પ્રમાણેની નવી શિક્ષાપત્રી. જે સંકલ્પ કરીએ એ સિદ્ધ થાય. Think, speak & take positive.

**પ.પૂ. માયાબેન :** મારે બ્રહ્મરૂપ થવું છે તો મારે ગુરુને પરબ્રહ્મ માન્યા સિવાય છૂટકો નથી.

**પ.પૂ. નીમુબેન સાકરીયા :** પ્રત્યક્ષ ગુરુહરિ ને ગુરુ સ્વરૂપો મળી ગયા તે જ આપણો મોક્ષ સુધરી ગયો. આપણે ગુણગ્રાહી દ્રષ્ટિ રાખવી. આપણે આધ્યાત્મિક સમાજમાં રહીએ છીએ. અઘરું છે, પણ કરવું છે. બધા પાસે એક એક ગુણ અંતરથી માંગીએ. ગુણગ્રાહી થવા વિવેક, વિનમ્રતા રાખવી, તો મોક્ષ સાધવો સરળ છે.

**પૂ. કાજુબેન :** સભાના શબ્દોથી બળ મળે છે. પત્રિકામાંથી જે કંઈ ભાથું મળે છે તેનું વાંચન કરી જીવનમાં ઉતારીએ.

**પૂ. મીનાબેન ગાંધી :** ઘરમાં જમવાનું બનાવવું તે આ સ્વરૂપો માટે બનાવું છું એ ભાવથી કરવું. ભાવથી બનાવેલું જમવાનું ઘરના સભ્યો જમશે તેનાથી તેમના વિચારો અને વર્તન પ્રભુમય બની જશે.

**પૂ. ડૉ. નીલમબેન :** ડિજિટલ યુગ ની સાધના એટલે આપણે જે મોબાઇલમાં વાંચીએ તે. કીર્તન આરાધના મોબાઈલમાં જોઈએ, એનાથી વિશેષ જ્ઞાન માનસી પૂજા છે. આપણે સવારે ઉઠીએ અને સીધી નજર-દ્રષ્ટિ પ્રભુ સામે જાય. પપ્પાજીની મૂર્તિ સામે ધ્યાન કરવું. મારું સાંભળે છે, બધું જ સારું કરે છે, એ આપણી એક માત્ર સાધના છે તે કરીએ.

**પૂ.ડૉ.વીણાબેન :** પ્રાર્થના એ એકમાત્ર આ રસ્તો છે. મનમાં કંઈક થાય તો આપણે અંતરથી સ્વામિનારાયણ સ્વામિનારાયણ કરી લેવું. વિચારોમાંથી બહાર નીકળી જવાય. પપ્પાજીની આ મૂર્તિ મારા હૈયામાં બેસી જાય. આપણા ગુરુ સાથેનું જોડાણ એવું થઈ જાય કે આપણને એમના વચનમાં જીવતા એ કરી દે છે. મંત્ર અને મૂર્તિ તો આ સર્વોપરી રસ્તો જ લેવો.

**પૂ. ડૉ. પંકજબેન :** આપણે ૧૬ આની સત્સંગ કરવો છે, જે આપણા સ્વરૂપો કરાવી રહ્યા છે. આપણે પાકા હરિભક્ત બનવું છે. નિશ્ચય અને ધ્યેય નક્કી કરી લેવું. આ શિબિરમાંથી જે આપણા અંગને લગતું મળ્યું છે તે જીવનમાં ઉતારવું.

**પૂ. ડૉ. અંજુબેન :** પ્રાપ્તિનો કેફ રાખવો. સંજીવની મંત્રના મુદ્દા વાગોળ્યા કરીએ, તો બધું સરળ થઈ જાય. હું માંગુ અને મારા હિતમાં ના હોય તો ના આપે. તો પણ આપણો દિવ્યભાવ ના જવો જોઈએ.

શિબિરના અંતે દરેક શિબિરાર્થીઓને સ્મૃતિભેટ અર્પણ કરી.

## બાલિકા, કિશોરી, યુવતીઓની શિબિર...

શ્રી ગુણાતીત જ્યોત મહિલા ટ્રસ્ટ દ્વારા **બાલિકા, કિશોરી અને યુવતીઓ માટેની 'પરમ સંસ્કાર સિંચન શિબિર'**નું આયોજન તા. ૩ થી ૬ મે, ૨૦૨૬ના કરવામાં આવ્યું. ગુરુહરિ પપ્પાજી મહારાજની દિવ્ય સંનિધિ અને પ.પૂ.હંસાદીદીની પ્રત્યક્ષ સંનિધિમાં આ શિબિર થઈ. શિબિરસભાનો પ્રારંભ આવાહ્ન શ્લોક અને દીપ પ્રાગટ્યથી કર્યો.

ત્યાર બાદ વિદ્યાનગર મંડળની યુવતી અને કિશોરીઓએ 'ઘણી ખમ્મા મારા વ્હાલાને...' ભજન પર સ્વાગતનૃત્ય કર્યું. આ શિબિરમાં સ્વરૂપોએ માર્ગદર્શન આપ્યું અને ગુરુહરિ પપ્પાજી મહારાજ અને પ.પૂ.દીદીના આશીર્વાદ મળ્યા તેનો સાર માણીએ.

**આશીર્દાન ગુરુહરિ પપ્પાજી મહારાજ :** બ્રાહ્મણની વાર્તા કરી સમજાવ્યું કે, હંમેશા પ્રાપ્તિ કેફમાં રહેવું. કદી મોળા વિચારો ન કરવા. આપણું ચારિત્ર્ય શુદ્ધ રાખવું. ભણવામાં પહેલો નંબર રાખવો.

**આશીર્દાન પ.પૂ. દીદી :** ભગવાન આપણી સાથે જ છે પાસે જ છે તેનો કેફ રાખવો, આપણે ચારિત્ર્યવાન બનવું. સવારે પથારીમાં બેસીને જ પ્રાર્થના કરી લેવી કે ભગવાન મારી સાથે રહેજો, રક્ષા કરજો, તમે જે રસ્તો પસંદ કરો તેમાં પણ હંમેશા ભગવાનને સાથે રાખજો.

**પ.પૂ.પદુબેન :** આપણા જેવું કોઈ નસીબદાર નથી. નડિયાદ પપ્પાજીના દર્શન, સ્મૃતિ જે કરી હોય તે પીક્ચરની જેમ આંખ સમક્ષ રાખવાની. ગુરુ પ્રત્યે વફાદારીપૂર્વક જીવન જીવવું. આપણું જીવન સંસ્કારી બનાવવું. મોબાઈલનો ઉપયોગ કેવી રીતે, કેટલો કરવો તે ઉદાહરણો દ્વારા સમજાવ્યું.

**પ.પૂ. દયાબેન :** આપણે જ્યોતમાં શાના માટે આવ્યા છીએ ? સ્વાસ્થ્ય સારું રાખવું, સંસ્કાર, વિનય, વિવેક, ડિસિપ્લિન શીખવા માટે અહીં આવ્યા છીએ. સ્ત્રી માટે ચાંદલો આપણા ભગવાનનું પ્રતીક છે. વડીલોના આશીર્વાદથી આપણા ન થતા હોય તેવા કામ પૂર્ણ થાય છે. અંતમાં એકાગ્રતાનું મહત્વ સમજાવ્યું.

**પ.પૂ. હંસાબેન ગુણાતીત :** માનવદેહમાં આ પપ્પાજી ભગવાનનું સ્વરૂપ છે એ કોઈને મનાય નહીં. જે આપણને મનાઈ ગયું. આપણે કેટલા નસીબદાર છીએ ! પ.પૂ. સોનાબાએ નાની ઉંમરમાં જ શાસ્ત્રીજી મહારાજને ભગવાનનું સ્વરૂપ માન્યા તેમ તમને બધાને પણ નાની ઉંમરમાં આ ભગવાન મળ્યા છે તેને ઉપાયભૂત કરતાં શીખી જજો. ગુરુના વચનનું મહત્વ સમજવાથી આ મનુષ્ય અવતાર આપણો સફળ થઈ જશે.

**પૂ. ડૉ. નિલમબેન :** પ.પૂ. પપ્પાજીનું ટૂંકમાં જીવનદર્શન જન્મ, સાક્ષાત્કાર, અને શાશ્વત સ્વરૂપે બિરાજ્યા તે તારીખની જાણ કરી. એકલવ્યની વાર્તા પરથી ગુરુભક્તિનું મહત્વ, ધ્રુવની વાર્તા પરથી ભગવાનને ઉપાયભૂત કરવાનું મહત્વ સમજાવ્યું. ભગવાન અને સંત કલ્પવૃક્ષ સમાન છે તેની વાત કલ્પવૃક્ષની વાર્તાના આધારે સમજાવ્યું.

**પૂ. ડૉ. વીણાબેન :** માતા– પિતા અને ગુરુ આપણા જીવનના બેઝિક પાત્રો છે. આ ત્રણથી ક્યારેય કશું છુપાવવું નહીં. પોતાના અનુભવના આધારે સમજાવ્યું કે, પપ્પાજીને દિલથી પ્રાર્થના કરીશું તો આપણો જવાબ મળશે જ. રોજ રાત્રે ભગવાન પાસે માફી માંગી લેવી.

**પ.પૂ. શોભનાબેન :** પપ્પાજી તીર્થના ઉદ્‌ભવની વાત કરી, શાશ્વત ધામનો મહિમા સમજાવ્યો. પૂ. લીલાબેનની વાત દ્વારા વચનપાલનનો મહિમા સમજાવ્યો. આ શિબિરમાંથી એક વાત ખાસ સાથે લઈને જજો કે પપ્પાજી તમે રાજી થાવ એવું મારું ચારિત્ર્ય બને. ફાટેલા લૂગડે આપણી આબરૂ જતી નથી પણ ખરાબ ચારિત્ર્યથી આબરૂ જશે માટે ચારિત્ર્ય શુદ્ધ રાખવું. ક્યારેય કોઈપણ વાત માટે જીદ ન કરવી.

**પૂ. મીનાબેન દોશી :** સેવાનું માહાત્મ્ય સમજાવ્યું. આપણા મોટા સમૈયાની સેવા માટે યુવતી મંડળનું એક ગ્રુપ તૈયાર થવું જ જોઈએ. આપણને કોઈ આદર્શ રાખે એવા આપણે બનવું છે. દરરોજ પૂજા કરવી એવો એક નિયમ રાખવો જ. જો પૂજાની ટેવ હશે તો જ્યાં જશો ત્યાં સાથે ભગવાન રાખી શકશો. શિબિર કરીને જાવ તો મમ્મી– પપ્પાને થવું જોઈએ કે મારી દીકરી બદલાઈ ગઈ છે. શિબિરમાંથી સારા સંસ્કાર લઈને આવી છે.

**પૂ. પ્રતિક્ષાબેન :** સત્સંગનો અર્થ સમજાવ્યો. સત એટલે સારી ઉઠક-બેઠક. સંગ એટલે સોબત. આમ આપણને કોઈ બહેનપણી બનાવે એવું થવું જોઈએ. આપણો કોઈ આદર્શ રાખે. વાર્તા દ્વારા સમજાવ્યું કે ભગવાન બધે જ છે ભગવાન આપણને જુએ છે. આપણા ફ્રેન્ડસર્કલમાં આપણે જે કંઈ કરીએ એ વાતની આપણી મમ્મીને ખબર હોવી જ જોઈએ.

**પ.પૂ.માયાબેન :** રામાયણનો સીતાહરણનો પ્રસંગ– લક્ષ્મણરેખા ઓળંગી તો રાવણ ઉપાડી ગયો. એમ આપણે સંસ્કાર રૂપી લક્ષ્મણરેખા ઓળંગીશું તો આપણું જીવન બરબાદ થઈ જશે. મારે જીવનમાં શું કરવું છે ? એવું એક નિશાન નક્કી કરી લેવું. ત્યાર બાદ વચનામૃત અને સ્વામીની વાતોની સમજ આપી.

**પૂ.ડૉ.પંકજબેન :** ચરિત્ર અને ચારિત્ર્યનો તફાવત સમજાવ્યો. ચરિત્ર એટલે રોજિંદી ક્રિયા. જ્યારે ચારિત્ર્ય તો ધીરે ધીરે ઘડાય. આપણામાં સંસ્કાર અને નિયમિતતા જીવનમાં આવતા જશે તેમ તેમ ચારિત્ર્યનું ઘડતર થશે જ. પપ્પાજીની વાત પરથી દૈનિક ટાઈમ ટેબલ બનાવી જીવવું. દરરોજ પૂજા કરવાનો નિયમ રાખવો જ. ભગવાન સાથે વાત કરવાનું માધ્યમ પૂજા છે.

**પૂ. ડૉ. જીજ્ઞાબેન :** જીવનમાં સંતનું મહત્વ સમજાવ્યું. અંતરની વાત સંતને કરી દેવી. હનુમાનજીની વાત પરથી આપણું એકપણ કાર્ય ભગવાન વગરનું ન હોવું જોઈએ તે સમજાવ્યું. ત્રિશંકુની વાર્તા પરથી ભગવાન કરતાં તેનું નામ મોટું છે તે સમજાવ્યું. સત્સંગ અને ભક્તિ આપણા જીવનના બે પગલા છે.

તા.૫મીની રાત્રિસભામાં પ.પૂ. દીદીબા, સ્વરૂપો તથા બહેનોના સાંનિધ્યમાં શિબિરાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક પ્રોગ્રામ તથા રાસ-ગરબાનો આનંદ માણ્યો.

તા.૬ઠ્ઠીના સવારે પૂર્ણાહુતિ સભામાં શિબિરાર્થીઓએ સમીક્ષા પ્રવચનો દ્વારા પોતાના જીવન માટે શું લીધું તેની વાત કરી. ત્યારબાદ સ્મૃતિભેટ અર્પણ થઈ.

અંતમાં, ધોરણ ૧૦માં જે શિબિરાર્થી બહેનોનું ૯૦% ઉપર રીઝલ્ટ આવ્યું તે બહેનોને સ્મૃતિભેટ આપી સન્માન કર્યું.

## કિશોર, યુવાનોની શિબિર...

શ્રી ગુણાતીત જ્યોત મહિલા ટ્રસ્ટ દ્વારા વિદ્યાનગર મુકામે **'પરમ સંસ્કાર સિંચન શિબિર'**નું આયોજન તા. ૩ થી ૫ મે, ૨૦૨૬ દરમિયાન પ્રકાશ સ્વરૂપ પૂ.ઈલેશભાઈ અને પ્રકાશ સ્વરૂપ પૂ.પીયૂષભાઈના સાંનિધ્યે થયું. સંતો અને વડીલોએ દીપ પ્રાગટ્ય કરી, શિબિરાર્થી મુકતોએ જયઘોષ કરી ઉત્સાહભેર શિબિરનો પ્રારંભ કર્યો.

સૌ શિબિરાર્થીઓના સ્વાગતે **પૂ.ઝાલા સાહેબે** સૌના ચંદનથી પૂજન કર્યાં અને **પૂ.ધવલભાઈએ** શબ્દોથી સ્વાગત કરી શિબિરના હેતુ અંગે માર્ગદર્શન આપ્યું. ત્યારબાદ ગુણાતીત પ્રકાશ **પૂ.રાજુભાઈએ** શિબિરમાં આપણી જવાબદારી અંગે સમજ આપી.

સૌ પ્રથમ પ.પૂ.દીદીબાના વિડીયો દ્વારા દર્શન કર્યાં, જેમાં શુદ્ધ ચારિત્ર્ય અંગે લાભ આપી આશીર્વાદ આપ્યા, જેના અનુસંધાને મારા વિચાર, વાણી અને વર્તન વિષય ઉપર પ્રકાશ સ્વરૂપ પૂ.પીયૂષભાઈએ માર્ગદર્શન આપ્યું. જેમાં સૌ યુવાનોને એવું લાગ્યું કે જાણે આ મારી જ વાત મારા માટે જ થઈ રહી છે.

પ્રકાશ સ્વરૂપ પૂ.ઈલેશભાઈએ 'પ્રાર્થનાનું જીવનમાં મહત્ત્વ' અને સવારે ઊઠીએ ત્યારથી આખો દિવસ પ્રભુને કેવી રીતે આગળ રાખવા ? તે અંગે સ્વરૂપોના અને મુકતોના દાખલાઓ સાથે લાભ આપ્યો.

શિબિરાર્થીઓની ૬ ટીમો બનાવી હતી, તે ટીમ પ્રમાણે જ બેઠક વ્યવસ્થા, ઉતારા વ્યવસ્થા, સેવા વગેરે કરવાનું હતું. દરેક ટીમમાં દરેક ગામના અને દરેક ઉંમરના મુક્તનો સમાવેશ કર્યો હતો.

શિબિરના દરેક સત્રમાં ગમ્મત સાથે જ્ઞાન મળી રહે તે રીતે વિવિધ ગેમ રમ્યા, જેમાં શરીરની સ્ફૂર્તિ, એકાગ્રતા, બુદ્ધિનો ઉપયોગ અને પ્રમાણિકતાથી જીત મેળવી શકાય તેવી સમજ આનંદ સાથે સૌએ મેળવી. યુવાનો માટે જરૂરી તેવા દરેક વિષયો જેવા કે,

– મારા જીવનમાં વિવેક અને વિનમ્રતા
– ગુરુ અને સંત સાથે આત્મીયતા
– ઘર સભા અને અઠવાડિક સભા માટે જાગ્રતતા

- વ્યસન અને મોબાઈલથી મારા જીવન, કુટુંબ, ભણતર અને કેરિયરને થતું નુકસાન
- હું મારા કુટુંબ અને જ્યોત પરિવારની શાન બની રહું
- સમય પાલન અને નિયમિતતા

જેવા વિષયો ઉપર ગુણાતીત પ્રકાશ **પૂ.શાહભાઈ, ગુણાતીત પ્રકાશ પૂ.અલ્પેશભાઈ, પૂ.બેચરભાઈ, પૂ.અગ્રવાલ સાહેબ, પૂ.ઝાલા સાહેબ** અને પપ્પાજી તીર્થ પર **પૂ.વિજ્ઞાનસ્વામી** અને પૂ.બાબુકાકાએ લાભ અને આશીર્વાદ આપ્યા.

પપ્પાજી તીર્થ પર શાશ્વત ધામ અને જ્યોત સ્વરૂપોના સમાધિસ્થાનના દર્શન, પ્રદક્ષિણા, ધૂન, પ્રાર્થના કરી તે સ્થાનનું માહાત્મ્ય સમજ્યા.

ત્યાં ટ્રેઝર હન્ટ નામની ગેમ રમ્યા, જેમાં આખા પપ્પાજી તીર્થમાંથી જુદા જુદા સ્થળોએથી ચિઠ્ઠીઓ શોધી, તેમાં આપેલી અધૂરી માહિતીથી ખજાનારૂપી પપ્પાજી સુધી પહોંચવાનું હતું. આ ગેમમાં સૌથી વિશેષ આનંદ આવ્યો હતો અને હવે આ ગેઈમ દરેક શિબિરમાં સૌ માટે આકર્ષણ બની રહેશે.

સૌ શિબિરાર્થી મુક્તોને શ્રીજી મહારાજના પ્રસાદીભૂત વડતાલ જ્ઞાનબાગના દર્શન કરાવ્યાં. ત્યારબાદ નડિયાદમાં પપ્પાજી મહારાજ અને કાકાજી મહારાજની પ્રસાદીના સ્થાનો અને વિશેષ પણે 'પ્રસાદ રજ' મંદિરે દર્શન અને પ્રસાદનો લાભ મળ્યો. આ દરેક સ્થાનોએ પૂ.ઈલેશભાઈ અને પૂ.પીયૂષભાઈએ તે સ્થાનના વિશેષ મહિમાનું દર્શન કરાવ્યું.

શિબિરના ત્રણ સત્રોમાં સભા સંચાલન **વિદ્યાનગરના ૩ શિબિરાર્થી યુવકોએ કર્યુ હતું તથા સુરત, અમદાવાદ મંડળના યુવકોએ PPT ના માધ્યમથી અનુક્રમે 'પ્રાર્થનાનું જીવનમાં મહત્ત્વ' અને 'હું ગુણાતીત જ્યોતની શાન બનીશ'** આ વિષય ઉપર પ્રેઝન્ટેશન આપી પોતાના વિચારો રજૂ કર્યા હતા, આ દરેક યુવાનોને જોઈ ખૂબ આનંદ થાય કે આ ઉંમરે તેમને પોતાની શક્તિઓને ખીલવવા આવું પ્લેટફોર્મ મળે છે અને તેઓ પોતાની શક્તિઓને સારા માર્ગે ઉપયોગ કરી ખૂબ પુણ્ય કમાઈ રહ્યા છે !

શિબિર પૂર્ણાહુતિ સત્રમાં **ગુણાતીત પ્રકાશ પૂ.અલ્પેશભાઈએ** સામુહિક રીતે મૌખિક પરીક્ષા લીધી. શિબિરાર્થીઓએ શિબિર સમીક્ષામાં રિપોર્ટ આપ્યો અને શું શીખ્યા અને હવે કેવું જીવન જીવીશું ? તે અંગે પણ પ્રતિજ્ઞાઓ લઈ પ્રાર્થનાઓ કરી, ત્યારબાદ શિબિર દરમિયાન રમાયેલી ગેમના વિજેતાઓ, પરીક્ષાના વિજેતાઓ અને આદર્શ વિદ્યાર્થીઓને ઇનામ અને પ્રસાદ અર્પણ થયા, સાથે સૌ શિબિરાર્થી મુક્તો અને સૌ સેવકોને સ્મૃતિ ભેટ અને પ્રસાદ અર્પણ થયાં.

આ શિબિરની સૌથી ખાસ વાત એ હતી કે આ સઘળું આયોજન અને સેવા શિબિરાર્થી એવા પપ્પાજી ગ્રુપના યુવાનોએ **પૂ.ધવલભાઈ અને પૂ.રંગતભાઈ** સાથે મળી ઘણા પરિશ્રમ અને માહાત્મ્યથી કર્યું હતું.

## ગૃહસ્થ ભાઈઓની શિબિર...

તા.૮-૯-૧૦ મે, ૨૦૨૬ના **'ઘર અને દેહને મંદિર બનાવો.'** તે વિષય પર ગૃહસ્થ ભાઈઓની શિબિર ગુણાતીત જ્યોતમાં કરી. શિબિરના પ્રથમ દિવસે રાત્રે ૮:૦૦ વાગ્યાથી સૌ શિબિરાર્થી મુક્તો પપ્પાજી તીર્થ પર પધાર્યા. જ્યાં શાશ્વત ધામ અને જ્યોત સ્વરૂપોના સમાધિસ્થાને દર્શન, પ્રાર્થના, ધૂન અને પ્રદક્ષિણારૂપી અંતરના ભાવ પૂરા કર્યા. પછી સૌ મુક્તોએ P લોનમાં પધારી પૂ.વિજ્ઞાનસ્વામી, પૂ.ધરમસ્વામી અને પ્રકાશ સ્વરૂપોના સાંનિધ્યે 'ટ્રેઝર હન્ટ' ગેમ ૬ ટીમ બનાવી રમ્યા, જેમાં દરેક ટીમના રસ્તા અલગ હતા, પણ સૌનું ધ્યેય ૭ કોયડા ઉકેલી ખજાનારૂપી પપ્પાજી મહારાજ સુધી પહોંચવાનું હતું. સૌએ ખૂબ દિવ્ય આનંદ માણ્યો અને સંતોના હસ્તે પ્રસાદ લઈ આનંદસભર હૈયે પ્રથમ દિવસની પૂર્ણાહુતિ કરી.

તા.૯ અને ૧૦ના સ્વરૂપોના આશિષ તેમજ મંડળના વડીલોનો લાભ લીધો તેના સાર માણીએ.

**ગુરુહરિ પપ્પાજી મહારાજે** આશીર્વાદ વરસાવ્યા કે દરરોજ પ્રાર્થના કરવી કે મારી હરેક પળ પ્રભુ ! તારામાં ખોવાયેલી રહે. ધામ, ધામી ને મુક્તની નિષ્ઠા પાકી કરવી. આપણો સત્સંગ સમાજ બ્રહ્મનિયંત્રિત છે, તેથી કોઈનાય દોષ દેખાય તો ભજન કરવા મંડી પડીએ.

આપણે પરિણામવાદી થવું. સર્વોપરી ભગવાન મળ્યા છે, તો પ્રાપ્તિ કરી જ લેવી છે.

**આશીર્દાન પ.પૂ. દીદી :** તમારા બધાના દર્શને ખૂબ આનંદ થાય છે, તમે બધા દેહે કરીને સાજા રહો અને મને કરીને માહાત્મ્યમાં રહો તેવી આજે મારાથી પ્રાર્થના થઈ ગઈ. આપણું અને બાળકોનું ચારિત્ર્ય શુદ્ધ રાખજો. શુદ્ધ ચારિત્ર્ય એ પાવર છે. બાળકોને ભણાવવામાં ધ્યાન આપીએ, પણ શુદ્ધ ચારિત્ર્યમાં ખામી આવે તે જરાય ચલાવી ના લઈએ.

નિયમ પ્રમાણે જીવવું, પૂજા કરવી, વ્યસન હોય તો મૂકી દેવા. આર્થિક તકલીફ હોય તો પ્રાર્થના કરવી. જેમ આવકનો ૧૦મો-૨૦મો ભાગ સેવા માટે કાઢીએ છીએ, તેમ આવરદાનો એટલે કે સમયનો ભાગ પણ કાઢવાનો. ઘરમાં ભગવાનનું જ્યાં સ્થળ હોય તેને મંદિર કહેવાય તેમ આપણા હૃદયમાં ભગવાનને રાખતા થઈ જઈએ તો આપણે જંગમમંદિર બની જઈએ. પપ્પાજી આપણને એકાંતિક બનાવવા માંગે છે. આપણા દોષની આપણને ખબર ના પડે તો ભગવાન બીજામાં રહીને બોલે ત્યારે તે સ્વીકારો. આપણે કંઈક પામવા માટે આવ્યા છીએ તો આ શિબિરમાંથી કંઈક લઈને જઈએ.

શિબિરના દરેક સત્રમાં જુદા જુદા મંડળના વડીલ તેમજ ગૃહસ્થોએ એક વિદ્યાર્થીની જેમ દરેક વક્તવ્યમાંથી પોઈન્ટ નોટ કર્યા. એક જ્ઞાનીની જેમ તેના પર મનન ચિંતન કરી, આદર્શ સત્સંગીની જેમ તેને પોતાના જીવન સાથે જોડી પોતાના અનુભવો વહાવ્યા. આદર્શ જીવન જીવવાની પ્રતિજ્ઞાઓ લીધી. અને આવી શિબિરો અવારનવાર કરવાની પ્રાર્થનાઓ પણ કરી.

અંતમાં, પ.પૂ.દીદીબાએ વિશેષપણે ગુણાતીત પ્રકાશના ભાઈઓને ખૂબ રાજી થકા સ્ટેજ પર બોલાવી પ્રસાદ આપ્યો. તેમજ સૌ શિબિરાર્થીઓ માટે પણ પ્રસાદ અને ખિસ્સાના ઠાકોરજીની મૂર્તિ લાવ્યા. જે સ્મૃતિ ભેટ સાથે શિબિર સમાપને પ્રકાશ સ્વરૂપ પૂ.વિરેનભાઈ, પૂ.ઈલેશભાઈ, પૂ.સુરેશભાઈ, પૂ.પીયૂષભાઈ, પૂ.મહેન્દ્રભાઈ અને પૂ.નંદુભાઈના હસ્તે સૌ શિબિરાર્થીઓને અપાયા.

## હાર્દિક નિમંત્રણ

★ ગુરુહરિ પપ્પાજી મહારાજના પૂર્ણ અક્ષરસ્વરૂપે વિચરીને સંકલ્પ, પ્રાર્થનાથી સૌને આધ્યાત્મિક સનાતન સુખ અર્પી રહ્યાં છે. એવાં

**ગુણાતીત સ્વરૂપ પ.પૂ.દીદીના**
**સ્વરૂપાનુભૂતિદિનની ઉજવણી**
**તા.૩૦.૫.૨૦૨૬, શનિવાર**
**સાંજે ૪:૩૦ થી ૭:૦૦ કરીશું.**

★ સંકલ્પ, ભજનથી આ ધરા પર મહામાનવનો સમાજ સર્જ્યો એવા પરબ્રહ્મતત્ત્વના અખંડ ધારક, આપણા સૌનાય પ્રાણાધાર

**ગુરુહરિ પપ્પાજી મહારાજના**
**સાક્ષાત્કારદિનની ઉજવણી**
**તા.૩૧.૫.૨૦૨૬, રવિવાર**
**સવારે ૯:૪૫ થી ૧૨:૩૦ કરીશું.**

આ બંને ઉત્સવ ભાઈઓ, બહેનોની સંયુક્ત સભામાં ભેળા મળીને ઉજવીશું. જેમાં આપ સૌને સહકુટુંબ પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

સ્થળ : પપ્પાજી હૉલ, ગુણાતીત જ્યોત, વિદ્યાનગર
લાઈવ દર્શન : www.gunatitjyot.org
**મહાપ્રસાદ બાદ વિસર્જન**

## નિર્ણય

★ બ્ર.સ્વ. હરિપ્રસાદ સ્વામીજીનો પ્રાગટ્યદિન :
શનિવાર, તા.૨૩.૫.૨૦૨૬

★ એકાદશી :
અધિક જેઠ સુદ-૧૧, બુધવાર, તા.૨૭.૫.૨૦૨૬

★ ગુરુહરિ પપ્પાજી મહારાજનો શાશ્વત સ્મૃતિદિન :
ગુરુવાર, તા.૨૮.૫.૨૦૨૬

★ ગુરુહરિ પપ્પાજી મહારાજનો સાક્ષાત્કારદિન :
સોમવાર, તા.૧.૬.૨૦૨૬

★ પ.પૂ.દીદીનો સ્વરૂપાનુભૂતિદિન :
શનિવાર, તા.૬.૬.૨૦૨૬

★ એકાદશી :
અધિક જેઠ વદ-૧૧, ગુરુવાર, તા.૧૧.૬.૨૦૨૬

★ બ્ર.સ્વ. કાકાજી મહારાજનો પ્રાગટ્યદિન :
શુક્રવાર, તા.૧૨.૬.૨૦૨૬

## પ્રભુ સાંનિધ્યે બિરાજ્યા...

**★ માધવકંપાના ભક્ત પૂ.ગંગાબેન ગંગારામભાઈ વાડિયા તા. ૧૫.૩.૨૬ના અક્ષરનિવાસી થયાં છે.**

ઈ.સ.૧૯૬૮થી ગુરુહરિ પપ્પાજી મહારાજની કૃપાથી પ.પૂ.બા, પ.પૂ.બેન અને સર્વે સદ્‌ગુરુ સ્વરૂપોનું બોરડીટીંબામાં આગમન થયું. તેઓએ અવારનવાર પધારી મુક્તોને ધન્ય કર્યા. પૂ.સવજીબાપાનો અને તેમના ભાઈ પૂ.ખેતાભાઈનો પરિવાર પૂર્વના પુણ્યના પ્રતાપે પ્રત્યક્ષ પ્રભુની નિષ્ઠા થતાં સત્સંગમાં જોડાઈ ગયા. ગંગાબેન આ પરિવારમાં સૌથી મોટા બેન હતાં.



ગંગાબેનના જીવનમાં પ્રભુ સ્વરૂપ પપ્પાજી અને પ.પૂ.બેનની દ્રઢ નિષ્ઠાના સાંગોપાંગ દર્શન થતાં. દિવ્ય બેન તેમના હૃદયે અનોખા સ્થાને બિરાજી ગયા અને પપ્પાજી મહારાજ મારા કલ્યાણદાતા છે એવી દ્રઢ સમજણ અંતરમાં સ્થાપિત થઈ ગઈ. તે દિવસથી જ્યોતનાં બહેનો સાથે આત્મીયભાવે જોડાઈ ગયા. જ્યોતની સેવા એજ મારું સાચું ધન, મારું જીવન... એમ માની પોતાની પાસે જે હતું અનાજ–પાણી તેમાંથી પોતાની શક્તિ મુજબ વર્ષોવર્ષ સેવા ભક્તિ કરતા જ રહ્યા. અને પોતાના પરિવારજનોને પણ એ જ વારસો આપ્યો. જીવનમાં ચડતી–પડતીના ઘણા બધા પ્રસંગો આવ્યા. પણ કદીયે પ્રભુ વિશે કે બેન વિશે મનુષ્યભાવ લીધો નથી. દરેક પ્રસંગો ભજનથી જ ઉકેલ્યા છે અને પરિવારને પણ એ જ રાહે ચાલતાં શીખવી સુખ લેતાં કર્યા. અત્યારે તેમના દીકરા, પૌત્રોના કુટુંબ પણ તેમનો સેવા–ભક્તિનો વારસો રાખી જ્યોતની સેવામાં તરબોળ રહે છે, ઉત્તરોત્તર સત્સંગમાં ઓતપ્રોત થતા જાય છે.

આવા ભક્તહૃદયી ગંગાબેન જ્યારે અવનિ પરથી વિદાય લે તે વેળા પરિવાર માટે ખૂબ વિકટ હોય છે. તો ગંગાબેન તો પ્રભુચરણમાં બિરાજી શાતા અનુભવે છે. પણ તેમના સ્નેહીજનો તેમનો સેવાભક્તિનો વારસો સવાયો રાખે ને સૌને ખૂબ ખૂબ બળ મળે તેવી સ્વામિશ્રીજી, ગુરુહરિ પપ્પાજી મહારાજ અને સ્વરૂપોને ચરણે પ્રાર્થના.

**★ કાંદિવલીના નિષ્ઠાવાન પૂ.રોનકભાઈ હેમંતભાઈ કોટક તા.૧૨.૪.૨૦૨૬ના અક્ષરનિવાસી થયા છે.**

પૂ.રોનકભાઈ પૂર્વના મુમુક્ષુ જ હતા. આત્મા ખૂબ બલિષ્ટ હતો તો નિષ્ઠાવાન માતા–પિતા પૂ.અમિતાબેન અને પૂ.હેમંતભાઈને ત્યાં જન્મ મળ્યો. ગુરુહરિ પપ્પાજી મહારાજ, પ.પૂ.હંસાદીદી અને પ.પૂ.મધુબેનનો ઉત્તમ જોગ પ્રાપ્ત થતાં તેમની દ્રષ્ટિમાં આવી ગયાં. દરેક કાર્ય કરતા પહેલા પ્રથમ પ્રભુ ને પછી પગલું ભરે. મધુબેનને પૂછે, એમની સંમતિ લે. હા કહે તો હા ને ના પાડે તો નહીં કરવાનું. ધીરજ રાખી અંતરથી ભજન કર્યા કરતાં. વિવેક, વિનયથી વર્તતા. સ્વભાવ બહુ દયાળુ. એમને મહાપૂજામાં ખૂબ શ્રદ્ધા હતી. કંઈપણ થાય કે તરત જ મધુબેનને જણાવે અને મહાપૂજા માનતા. તો જે કાર્ય કરવાનું હોય તેમાં તેમને સફળતા જ મળી હોય. રોનકભાઈનું જીવન જ પપ્પાજીમય, પ.પૂ.દીદી, પ.પૂ.મધુબેન, જ્યોતમય હતું.




ગુણાતીત પ્રકાશના ભાઈઓ તરફથી જે આદેશ આવે તે તરફ જ દ્રષ્ટિ રાખતા. સમૈયામાં આવે એટલે ડેકોરેશનની સેવામાં હોય જ. બધા જ મુક્તો માટે ખૂબ પ્રેમ. પોતાના પરિવારમાં પણ ઈચ્છા પૂરી કરી સૌને રાજી કરી લેતા. તેમની પત્ની પૂ.ભક્તિબેન, બંને દીકરીઓ પૂ.માયરા અને પૂ.અમાયરાને પણ સત્સંગનો જોગ આપી પ.પૂ.મધુબેનનો જોગ આપ્યો. નાની ઉંમરમાં વ્યવહારિકતામાં અને આધ્યાત્મિક્તામાં ખૂબ પ્રગતિ કરી. પણ અચાનક હાર્ટ એટેક આવતા અક્ષરધામ ગમન કર્યું. તો હે પપ્પાજી મહારાજ ! આપ તેમના પરિવારને ખૂબ ખૂબ બળ આપી શાંતિ શાંતિ કરી દેશો. તેમના કુટુંબીજનોને આ આવી પડેલ દુઃખ જીરવવાનું ખૂબ બળ મળે તેવી પ્રાર્થના સાથે રોનકભાઈને અંજલિ અર્પણ કરીએ છીએ.




તા.૩ થી ૬ મે, ૨૦૨૬ : કિશોર અને યુવાનોની
'પરમ સંસ્કાર સિંચન શિબિર'...









તા.૮-૯-૧૦ મે, ૨૦૨૬ : ગૃહસ્થ ભાઈઓની 'ઘર અને દેહને મંદિર બનાવો' શિબિર...





# ગુણાતીત જ્યોતનાં ગુણાતીત નારી રત્નો



પ.પૂ. બા



ગુરૂહરિ પપ્પાજી



પ.પૂ. બેન



પ.પૂ. તારાબેન



પ.પૂ. જ્યોતિબેન



પ.પૂ. દીદી



પ.પૂ. દેવીબેન



પ.પૂ. જસુબેન



પ.પૂ. પદુબેન

## ગુરૂહરિ પપ્પાજીનું આધ્યાત્મિક ક્રાંતિકારી યુગકાર્ય

અખિલ વિશ્વમાં નારીઓને ધર્મમાં સમાનતા આપીને ગુરૂહરિ પપ્પાજીએ પોતાના સંકલ્પે તેઓને ચૈતન્યશુધ્ધિ માટે જાગ્રત કર્યા.
સ્વયં ગૃહસ્થાશ્રમી રહી ધર્મપત્ની કમળાબેનનો સાથ લઈને શ્રી અક્ષર પુરૂષોત્તમના સિધ્ધાંતે વરતી પરમ ભાગવત સંત બનવાની ઝંખના બહેનોમાં ઉગાડી.
પોતે તેમના પથદર્શક અને સુકાની બનીને 'ગુણાતીત જ્યોત મહિલા કેન્દ્ર'ની સ્થાપના કરી.
શ્રીજીના વચ.ગ.છે.૨૬નો સંકલ્પ 'ઈન્દ્રિયો, અંતઃકરણની ક્રિયાને દાબીને વર્તે તેવા સાધુગુણેયુક્ત બાઈઓને તૈયાર કરવી.' તે પ્રમાણે યોગીજીની આજ્ઞા-અનુવૃત્તિથી બહેનો સુખ, શાંતિ, આનંદથી એકાંતિકધર્મ સિધ્ધ કરે તેવો આધ્યાત્મિક માર્ગ ગુરૂહરિ પપ્પાજીએ ખુલ્લો મૂક્યો.
પપ્પાજીએ પ્રેમ - પ્રાર્થના અને જતનથી ધ્યેયનિષ્ઠ બહેનોને ગુણાતીત જ્ઞાન અર્પી, સાધુતા પોતે વર્તીને શીખવી.
પૂર્ણ સહજાનંદી ચેતનાનાં ધારક, વાહક અને પ્રેરક એવાં આ આઠ ગુણાતીત સ્વરૂપો પપ્પાજીના વારસદાર તરીકે તૈયાર થયાં છે, જેઓ અખંડ ગુણાતીતભાવમાં વિચરે છે અને 'સંબંધે કલ્યાણ' કરી, અન્ય બહેનોને પણ આ માર્ગે ચાલવા પ્રેરણા આપી નિષ્કામ ભક્તિમાર્ગનાં પથદર્શક બનીને આજે ધરા પર વિચરી રહ્યાં છે.


ધન્યવાદ હો કરૂણાનિધિ શ્રીજીને, યોગીજીને ને તેમના જ વારસદાર સ્વરૂપ ગુરૂહરિ પપ્પાજીને !

# ગુરુહરિ પપ્પાજી મહારાજનું યુગકાર્ય

## જંગમમંદિરોનું સર્જન...






શ્રી યોગીજી મહારાજના સંકલ્પને સાકાર કરતા
ગુરુહરિ પપ્પાજી મહારાજનું કાર્યદર્શન...

To,

RNI NEW DELHI NO : 20485/71
PO REGD NO : G-AND-336/2025-27
Lic Valid Upto: 31.12.2027
DATE OF PUBLICATION :
21st of every month
DATE OF POSTING :
21st of every month
PLACE OF PUBLICATION (POSTED AT)
Vallabh Vidyanagar MDG 388120



## મે-૨૦૨૬ની આજ્ઞા...
## શાશ્વત પપ્પાજીની પ્રેરણા



અનુપમ ભાગ-૭
ચેપ્ટર-૧

### પ્રાર્થના

પ્રત્યક્ષ પ્રભુમાં પ્રાર્થનાથી કામ કરાવવાની શ્રધ્ધા બેસી જાય તે સાધનાની પૂર્ણાહુતિ. અને તેમ કરી અક્ષરધામના હેવા પડી જાય તે સિધ્ધદશાની પૂર્ણાહુતિ. વીજળી જેવા સંત.

કરવા માંડે તેને આવી પ્રાપ્તિ કરાવવાનું બાપાએ મેદાનમાં મોજરૂપે મૂક્યું છે. સૌ કોઈ તેનો લાભ લે તે જ પ્રાર્થના.

આ....આ....
એક પ્રાર્થના પુષ્પ ધરું ચરણે...(૩)
સારી સૃષ્ટિમાં નાથ તને નીરખું (૨)
તારી સ્મૃતિસભર મનમંદિરીયે (૨)
દિવ્ય મૂર્તિ કંડારી છે પ્રભુ પ્રીતે (૨)
એક પ્રાર્થના પુષ્પ...
આતમ મહોલે બિરાજ્યો તું...આ...(૨)
પ્રાર્થના ધરું તવ રૂદિયે (૨)
એક તાર જોડ્યો છે તુજ સંગે (૨)
એ આધારે સમીપે હું ડગ માંડું (૨)
એક પ્રાર્થના પુષ્પ...







General health checkup camp





Editor, Proprietor, Publisher : Hemaben Bhatt
Publishing Place : Gunatit Jyot, Pappaji Marg, P.O.Box-23, Vallabh Vidyanagar-388120, Dist.Anand, Gujarat, India
Phone : 9998475765, Website : www.gunatitjyot.org, E-mail: prakashan@guntitjyot.org
Printer & Printing Place : Angatbhai J. Shah, Gujarat Press, Anand-388001, Gujarat, India